Monday, 07 July 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦




કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૧૭૫ ● સંવત-૨૦૮૧ અષાઢ સુદ અગિયારસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## સંઘપ્રદેશના રાજકીય ઈતિહાસમાં નવો અધ્યાયઃ અનુ.જાતિના મહેશભાઈ આગરિયાની ભાજપના પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્તિ

**ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને રાજ્યસભા સાંસદ ડો. રાધા મોહન દાસ અગ્રવાલ, પ્રદેશ ભાજપ પ્રભારી દુષ્યંતભાઈ પટેલ અને પ્રદેશ ચૂંટણી અધિકારી ધર્મેશસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં કરાયેલી જાહેરાત**



**વંચિત, શોષિત, પીડિત દરેક વર્ગના કલ્યાણ માટેની ભાજપે હંમેશા પોતાની બતાવેલી પ્રતિબધ્ધતા : ડો. રાધા મોહન દાસ અગ્રવાલ**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૦૬

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપના પ્રમુખ તરીકે આજે શ્રી મહેશભાઈ આગરિયાની સર્વ સંમતિથી વરણી કરાતા છેલ્લા ઘણાં સમયથી પ્રદેશ પ્રમુખ પદને લઈ ચાલી રહેલ અટકળનો અંત આવ્યો છે.

આજે દાદરા નગર હવેલી ખાતે પાર્ટીના પ્રદેશ કાર્યાલય અટલ ભવન ખાતે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને રાજ્યસભા સાંસદ ડૉ. રાધા મોહન દાસ અગ્રવાલ, પ્રદેશ ભાજપ પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલ અને પ્રદેશ ચૂંટણી અધિકારી શ્રી ધર્મેશસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં શ્રી મહેશભાઈ આગરિયાને સર્વ સંમતિથી પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા હોવાની જાહેરાત કરી હતી.

પ્રારંભમાં ભાજપના સંગઠન પર્વના રાષ્ટ્રીય ઓબ્ઝર્વર તરીકે ઉપસ્થિત રહેલા ડૉ. રાધા મોહન દાસ અગ્રવાલે જણાવ્યું હતું કે, ભાજપમાં નાનાથી લઈ મોટા દરેક કાર્યકરોને પોતાના સામર્થ્ય મુજબ આગળ વધવાની સમાન તક મળે છે. સંવિધાન નિર્માતા ડૉ. બાબાસાહેબ આંબેડકરને સંપૂર્ણ માન, સન્માન મળે એ પ્રકારનું કાર્ય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થઈ રહ્યું છે. વંચિત, શોષિત, પીડિત દરેક વર્ગના કલ્યાણ માટેની ભાજપે હંમેશા પોતાની પ્રતિબધ્ધતા પણ બતાવી છે. તેમણે જણાવ્યું હતું કે, આજે અનુસૂચિત જાતિ વર્ગના શ્રી મહેશભાઈ આગરિયાને પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કરવાનું સૌભાગ્ય મળ્યું છે.

શ્રી મહેશભાઈ આગરિયાના નામની જાહેરાત થતાં જ સંપૂર્ણ સભાખંડે ઉભા થઈ તાળીઓના ગડગડાટથી તેમની નિમણૂકને વધાવી લીધી હતી.

નિવર્તમાન પ્રદેશ અધ્યક્ષ શ્રી દીપેશભાઈ ટંડેલે ભાજપનો ધ્વજ અને નિયુક્તિ પત્ર શ્રી આગરિયાને સુપ્રત કરી પ્રમુખ પદનો પદભાર સોંપ્યો હતો.

આ પ્રસંગે નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી.નડ્ડા, સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ, પ્રદેશ પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલ, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી શ્રી બી. એલ. સંતોષ સહિત પક્ષના તમામ કાર્યકરોનો આભાર પ્રગટ કરતા જણાવ્યું હતું કે, તેમના પર જે વિશ્વાસ મુકવામાં આવ્યો છે તેને સાર્થક કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરશે, અને દરેકને સાથે લઈ પાર્ટી અને પ્રદેશના વિકાસમાં પોતાનું યોગદાન આપશે.

આ પ્રસંગે સાંસદ શ્રીમતી કલાબેન ડેલકર, પૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલ, પૂર્વ સાંસદ શ્રી નટુભાઈ પટેલ, દાનહ, દમણ અને દીવ જિલ્લાના ભાજપ પ્રમુખો, શહેર પ્રમુખો, જિલ્લા પંચાયતના સભ્યો, સરપંચો, કાઉન્સિલરો, પદાધિકારીઓ, વિવિધ મોરચાના અધ્યક્ષો અને પ્રતિનિધિઓ, સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## જો દાનહ અને દમણ-દીવમાં આઈ.એ.એસ. પ્રશાસક હોત તો...?

**વર્તમાન સાંસદે લોકસભામાં દમણ-દીવ અને દાનહ માટે પ્રશાસક પદે આઈ.એ.એસ. અધિકારીની કરેલી માંગણી પાછળના કારણો સમજવા જરૂરી..**




દમણ અને દીવના પૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલે સંઘપ્રદેશ પ્રશાસનની સાથે મળી વિકાસના મુદ્દે અપનાવેલા સકારાત્મક અભિગમના કારણે આજે ફક્ત દમણ-દીવ જ નહીં, પરંતુ દાદરા નગર હવેલી પણ વિકાસના ક્ષેત્રે ઊંચી છલાંગ લગાવી રહ્યું છે.

દમણ અને દીવના વર્તમાન સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલ પાસે લોકોને ખુબ આશા અને અપેક્ષા હતી, પરંતુ તેમના ૧૩ મહિનાના કાર્યકાળમાં પોતે આપેલું એક વચન પૂર્ણ કરી શક્યા નથી અને પ્રશાસન સાથે પણ હકારાત્મક અભિગમ અપનાવવા નિષ્ફળ રહ્યા છે. સંઘપ્રદેશનું સદ્‌ભાગ્ય છે કે, અહીં કોઈ આઈ.એ.એસ. પ્રશાસક નથી. જો આઈ.એ.એસ. પ્રશાસક હોત તો વિકાસના નામ ઉપર મીંડું વાળતાં કોઈ રોકી નહીં શક્યું હોત. કારણ કે, દરરોજ ધડ-માથા વગરની વાતો અને અપમાનજનક અપશબ્દ સાંભળવાની ધીરજ ભાગ્યે જ કોઈ આઈ.એ.એસ. પ્રશાસક પાસે રહી હોત. પરંતુ સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના હૈયે સમગ્ર પ્રદેશનું હિત સમાયેલું હોવાથી તેઓ કોપાયમાન થવા વગર ભગવાન બ્રહ્માની માફક પ્રદેશનું નવનિર્માણ કરી રહ્યા છે. દમણ અને દીવના વર્તમાન સાંસદે લોકસભામાં પહેલાંની માફક પ્રદેશના પ્રશાસક તરીકે સિનિયર આઈ.એ.એસ. અધિકારીની નિયુક્તિ માટે પણ માંગ કરી છે, જે ઘણી સૂચક છે. કારણ કે, ભૂતકાળમાં આઈ.એ.એસ. અધિકારી-પ્રશાસકોને ધમકાવી, પટાવી અને ડરાવીને નીતિ-નિયમ વિરૂદ્ધ કામો કરાવવાનો એક ટ્રેન્ડ ચાલ્યો હતો. જેને ફરી લાવવાનો ઈરાદો વર્તમાન સાંસદનો હોવાનું દેખાય છે.

**સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના હૈયે સમગ્ર પ્રદેશનું હિત સમાયેલું હોવાથી તેઓ કોપાયમાન થવા વગર ભગવાન બ્રહ્માની માફક પ્રદેશનું કરી રહ્યા છે નવનિર્માણ**

પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના કાર્યકાળમાં નીતિ-નિયમો વિરૂદ્ધ કામ કરનારાઓ સામે સખત પગલાં લેવામાં કોઈની પણ સાડાબારી રખાઈ નથી. સત્તાધારી ભાજપના કેટલાક નેતાઓને પણ દંડવામાં પ્રશાસને પાછીપાની કરી નથી. જેના કારણે જ લોકોમાં એક વિશ્વાસનું વાતાવરણ પણ બન્યું છે અને હવે દરેક કાયદાના પરિઘમાં રહીને કામ કરતા થયા છે. જેની સામે જ વર્તમાન સાંસદશ્રીને સૌથી મોટો વાંધો હોવાનું દેખાય છે. કારણ કે, દરેક જણ જો કાયદા પ્રમાણે કામ કરતા થાય તો ભ્રષ્ટાચાર ઉપર પણ અંકુશ આવે અને આડા-અવળા કામને સીધા કરાવવા કોઈ આવે નહીં તો દુકાન પણ બંધ કરવી પડે એવી સ્થિતિ આવા તત્ત્વોની હવે પ્રદેશમાં નિર્માણ થઈ રહી છે.

આજે બીજા રાજ્યોથી આવતા પ્રવાસીઓ, ઉદ્યોગગૃહોમાં દેશ-વિદેશથી આવતા ટેક્નોક્રેટો, સી.ઈ.ઓ., ભારત સરકાર સહિત અન્ય રાજ્યોના મંત્રીઓ, મુખ્યમંત્રીઓ, ઉચ્ચ અધિકારીઓ વગેરે તમામ દાદરા નગર હવેલી અને દમણ-દીવના થયેલા નવઘડતરને નિહાળી આશ્ચર્યચકિત થઈ જાય છે. ત્યારે ફક્ત સાંસદશ્રીને જ પ્રદેશનો વિકાસ દેખાતો નથી તો તેનો ઈલાજ કોણ કરી શકે?

### સોમવારનું સત્ય

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાના નેતૃત્વમાં ભાજપ હવે આક્રમક બની પ્રદેશના વિકાસમાં અવરોધ પેદા કરતા પરિબળોનો સામુહિક રીતે પર્દાફાશ કરે અને હકારાત્મક નીતિ સાથે વિકસિત ભારતના નિર્માણના પ્રશાસનિક પ્રયાસોમાં પણ પોતાનું મજબૂત યોગદાન આપે એવી આશા પ્રગટ થઈ રહી છે.

## મહેશભાઈ આગરિયાને ભૂતકાળમાં પક્ષ માટે કરેલા સખત પરિશ્રમના કારણે પ્રદેશ ભાજપના અધ્યક્ષની મળેલી તક

**વિદ્યાર્થી જીવનમાં કોલેજના જી.એસ., સામાન્ય કાર્યકર્તાથી લઈ મંડળના અધ્યક્ષ, પ્રદેશ અનુ.જાતિ મોરચાના ઉપ પ્રમુખ તથા પ્રદેશ ઉપ પ્રમુખ સુધીની સફળ સફર અને હવે પ્રદેશ ભાજપ અધ્યક્ષનું મળેલું મહત્ત્વનું પદ**



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૦૬

દાદરા નગર હવેલી અને દમણ-દીવના નવનિયુક્ત પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાએ વિદ્યાર્થી જીવનમાં કોલેજના જી.એસ., સામાન્ય કાર્યકર્તાથી લઈ મંડળના અધ્યક્ષ, પ્રદેશ અનુ.જાતિ મોરચાના ઉપ પ્રમુખ તથા પ્રદેશ ઉપ પ્રમુખ સુધીની સફળ સફર બાદ પ્રદેશ અધ્યક્ષનું પદ હાંસલ કર્યું છે.

શ્રી આગરિયા કડૈયા ગ્રામ પંચાયતના ૧૦ વર્ષ સુધી ઉપ સરપંચ પણ રહ્યા હતા. ભાજપના એક સંનિષ્ઠ કાર્યકર તરીકે હંમેશા નાનામાં નાનું કામ કરવા માટે પણ તૈયાર રહેતા હતા. પ્રદેશ ઉપ પ્રમુખ તરીકે પણ તેમની કામગીરી હંમેશા નેત્રદીપક રહી હતી. ગત લોકસભાની ચૂંટણીમાં અનુ.જાતિના મત ભાજપના ઉમેદવાર શ્રી લાલુભાઈ પટેલને વધુમાં વધુ મળે તે માટે પણ તેમણે પોતાના અંગત પ્રયાસો કર્યા હતા.

શ્રી આગરિયાએ જૂથવાદથી પોતાનો અલગ ચોકો બનાવી 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ને પોતાના બનાવેલા જીવનમંત્રના કારણે આજે દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્ત થઈ શક્યા છે.

## પ્રજ્ઞા સંસ્કૃતિ અકાદમી-દમણની વિદ્યાર્થીનીઓએ જીત્યો 'શ્રી ક્ષેત્ર નંદીઘોષ ઉત્સવ-૨૦૨૫'

**રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની ડાન્સ સ્પર્ધા-ઉત્સવમાં હાંસલ કર્યો પ્રથમ ક્રમ**





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૦૬

ત્રિવેણી કલ્ચરલ સેન્ટર, કટક-ઓરિસ્સા દ્વારા ૨૦ જૂન, ૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઓનલાઈન ડાન્સ સ્પર્ધા અને ઉત્સવ 'શ્રી ક્ષેત્ર નંદીઘોષ ઉત્સવ-૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ડાન્સ સ્પર્ધામાં ભારત દેશ સહિત વિશ્વના યુનાઈટેડ આરબ અમિરાત(યુ.એ.ઈ.), યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (યુ.એસ.એ.) અને યુનાઈટેડ કિંગડમ(યુ.કે.) જેવા દેશોના પણ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં પ્રજ્ઞા સંસ્કૃતિ અકાદમી, દમણની વિદ્યાર્થીની કુ. જીવિશા શુક્લા, કુ. વૃંદા ભાનુશાળી, કુ. તશ્વી ભટ્ટ, કુ. દિયા નિગમ અને કુ. અનાયા પટેલે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ગ્રુપ શાસ્ત્રી નૃત્યુ શ્રેણીમાં પ્રથમ સ્થાન અને કુ. આરાધ્યા પાટિલે સોલો લોક નૃત્ય શ્રેણીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને દેશ અને સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ તથા અકાદમી અને માતા-પિતા તથા સમાજનું નામ રોશન કર્યું છે.

## કૃષ્ણ પરિવાર દ્વારા દમણના ઈતિહાસમાં પ્રથમ વખત યોજાનારો ગુરૂપૂર્ણિમા મહોત્સવ અને સ્નેહ મિલન સમારંભ

**તા.૧૦મી જુલાઈ, ૨૦૨૫ના રોજ ગુરૂવારે દમણ જિલ્લા કોળી પટેલ સમાજના હોલમાં વિશ્વ પ્રસિદ્ધ કથાકાર મેહુલભાઈ જાની બાપુની ઉપસ્થિતિમાં સંત શિરોમણી બજરંગદાસ બાપા બગદાણા અને સંત જલારામ બાપા વીરપુરનું ગુરૂ- પાદૂકા પૂજન**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૦૬

દમણના ઈતિહાસમાં પ્રથમ વખત ગુરૂપૂર્ણિમા મહોત્સવ અને કૃષ્ણ પરિવારના ૧૬મા સ્નેહ મિલન સમારંભનું આયોજન તા.૧૦મી જુલાઈ, ૨૦૨૫ના રોજ દમણ જિલ્લા કોળી પટેલ હોલ, ભેંસરોડ-નાની દમણ ખાતે કરવામાં આવી રહ્યું છે.

ગુરૂપૂર્ણિમા મહોત્સવ નિમિત્તે સંત શિરોમણી શ્રી બજરંગદાસ બાપા બગદાણા અને સંત શ્રી જલારામ બાપા વીરપુરનું ગુરૂપૂજન અને પાદૂકા પૂજન સાથે કૃષ્ણ પરિવારના ૧૬મા સ્નેહ મિલન સમારંભનું આયોજન વિશ્વ પ્રસિદ્ધ કથાકાર પ.પૂ. શ્રી મેહુલભાઈ જાની બાપુના પાવન સાનિધ્યમાં યોજાઈ રહ્યું છે. જેમાં બપોરે ૧:૦૦ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે વિશ્વ પ્રસિદ્ધ કથાકાર શ્રી મેહુલભાઈ જાની બાપુએ જણાવ્યું હતું કે, હિંદુ ધર્મમાં ગુરૂ એ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ છે. આપણાં જીવનના સત્યનો રસ્તો બતાવવા માટે આપણાં જીવનને આધ્યાત્મિક ભક્તિભાવ સંસ્કારભાવ રૂપે શણગાર કરવા માટે સૌથી મોટા આશીર્વાદ હોય તો એ સદ્‌ગુરૂ ભગવાનનો આશીર્વાદ છે.




## સુવિચાર - સદ્‌વિચાર

પોતાના પર વિશ્વાસ રાખો, કારણ કે
તમારું મક્કમ મન જ તમારું સૌથી મોટું શસ્ત્ર છે.

## કવિતા

### સૂનાં ખોરડાં

સૂનું રે ફળી, સૂનાં ખોરડાં,
સૂની લીમડાની ડાળ,
સૂનાં પાનોથી છલકે વાયરે
આખા ફળિયાનો થાળ;
રાતે ચૂવે નભનાં નેણલાં.

સૂની ઓસરી, સૂના ઓરડા,
સૂનાં જાળી ને ખાટ,
સૂની અધખોલી તૂટી ડેલીએ
ઊભું જુએ કો વાટ;
ઝબકે મિજાગરું વાયરે.

નહીં રે ઝાંઝર, નહિ કો ઘૂઘરો,
નહિ કો સંચરતું ગાય.
વળગી અવાવરુ આંગણે
કુંકુમ પગલીની ઝાંય!
નયને લહરાતી ગળતી ચૂંદડી.

સૂના રે સંસારે, સૂની રાતના
નહિ કો દીવડો ન દીપ.
સમદર તીરે રવડે રેતમાં
મોતી વિહોણી છીપ.
સૂનકારે એકલતા સામટી.

રે'તાં રે રે'તાં તે દી સામટાં,
આજે ઉજ્જડ આવાસ.
તોયે રે રઘવાયા મારા જીવને
વળગ્યો વિરહે સહવાસ.
રણના વંટોળે સૂકું પાંદડું.

- મુકુન્દરાય પારાશર્ય

## આજની જોક

ભૂરી : તમે આ ગરબાગાવાવાળાને મારો
ભૂરોઃ એવું શું કર્યુ એણે?
હું જેવી ગરબા ગાવા જાઉ તેવી ગરબા ગાય છે,
ટૂનટનના પગલાં પડ્યા..
ભૂરો : ટૂન ટૂન નહી, એ કૂમ કૂમ પગલાં પડ્યા ગાય છે

## કબીર વાણી

**અંતરિયો કેવલ પ્રકાશિયો, બ્રહ્મ વાસ તહા હોય,**
**મન ભવરાં તહા લુબધિયા, જાનોંગે જન કોઈ.**

**- અર્થાત-**

કબીર કહે છે કે હૃદયની અંદર એક કમળ ખીલી રહ્યું છે. તેમાંથી બ્રહ્માની સુગંધ આવી રહી છે અથવા બ્રહ્મા ત્યાં રહે છે. મારું મન મધમાખીની જેમ તેમાં ડૂબી ગયું. ફક્ત ભગવાનનો ભક્ત જ આ રહસ્ય સમજી શકે છે. બીજો કોઈ વ્યક્તિ તેને સમજી શકશે નહીં.

## આજનો દિન વિશેષ

### એમએસ ધોની

મહેન્દ્ર સિંહ ધોની (જન્મ ૭ જુલાઈ ૧૯૮૧) એક ભારતીય વ્યાવસાયિક ક્રિકેટર છે જે જમણા હાથે બેટ્સમેન અને વિકેટ-કીપર તરીકે રમે છે. સૌથી સફળ વિકેટ-કીપર બેટ્સમેન અને કેપ્ટન અને મહાન ODI બેટ્સમેનોમાંના એક તરીકે વ્યાપકપણે ગણવામાં આવે છે, તેમણે ભારતીય ક્રિકેટ ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને ૨૦૦૭ થી ૨૦૧૭ સુધી મર્યાદિત ઓવરના ફોર્મેટમાં અને ૨૦૦૮ થી ૨૦૧૪ સુધી ટેસ્ટ ક્રિકેટમાં ટીમના કેપ્ટન રહ્યા હતા. ધોનીએ સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મેચોમાં કેપ્ટનશીપ કરી છે અને તે સૌથી સફળ ભારતીય કેપ્ટન છે. તેમણે ૨૦૦૭ ICC વર્લ્ડ ટ્વેન્ટી૨૦, ૨૦૧૧ ક્રિકેટ વર્લ્ડ કપ અને ૨૦૧૩ ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતને વિજય અપાવ્યો છે, ત્રણ અલગ અલગ મર્યાદિત ઓવરની ICC ટુર્નામેન્ટ જીતનાર એકમાત્ર કેપ્ટન છે. તેમણે ૨૦૧૦, ૨૦૧૬ માં એશિયા કપ જીતનારી ટીમોનું નેતૃત્વ પણ કર્યું હતું અને ૨૦૧૮ માં ટાઇટલ વિજેતા ટીમનો સભ્ય હતો.રાંચીમાં જન્મેલા ધોનીએ ૧૯૯૯માં બિહાર માટે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. તેણે ૨૩ ડિસેમ્બર ૨૦૦૪ના રોજ બાંગ્લાદેશ સામેની વનડે મેચમાં ભારતીય ક્રિકેટ ટીમ માટે ડેબ્યૂ કર્યું હતું અને એક વર્ષ પછી શ્રીલંકા સામે પોતાની પહેલી ટેસ્ટ મેચ રમી હતી. ૨૦૦૭માં, તે વનડે ટીમનો કેપ્ટન બન્યો અને ૨૦૦૮ સુધીમાં તમામ ફોર્મેટમાં કેપ્ટનશીપ સંભાળી. ધોનીએ ૨૦૧૪માં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી પરંતુ ૨૦૧૯ સુધી મર્યાદિત ઓવરના ક્રિકેટમાં રમવાનું ચાલુ રાખ્યું.

## આજની આધ્યાત્મિ સફર : વૈષ્ણવ ધર્મ

વૈષ્ણવ ધર્મ જેને વિષ્ણુવાદ પણ કહેવાય છે. તે મુખ્ય હિન્દુ પરંપરાઓમાંની એક છે, જે વિષ્ણુને અન્ય તમામ હિન્દુ દેવતાઓથી અલગ પાડે છે, એટલે કે મહાવિષ્ણુને એકમાત્ર સર્વોચ્ચ નેતા માનવામાં આવે છે. તે શૈવ ધર્મ, શક્તિવાદ અને સ્માર્ટિઝમની સાથે મુખ્ય હિન્દુ સંપ્રદાયોમાંનો એક છે. તેના અનુયાયીઓને વૈષ્ણવ અથવા વૈષ્ણવ કહેવામાં આવે છે, અને તેમાં કૃષ્ણવાદ અને રામવાદનો સમાવેશ થાય છે. આવા પેટા-સંપ્રદાયોનો સમાવેશ થાય છે, જે અનુક્રમે કૃષ્ણ અને રામને સર્વોચ્ચ જીવો માને છે. બોસ્ટન યુનિવર્સિટી ખાતે સંસ્કૃતિ, ધર્મ અને વિશ્વ બાબતો સંસ્થા દ્વારા આયોજિત વિશ્વ ધર્મ ડેટાબેઝ દ્વારા ૨૦૨૦ના અંદાજ મુજબ, વૈષ્ણવ ધર્મ સૌથી મોટો હિન્દુ સંપ્રદદાય છે, જેમાં આશરે ૩૯૯ મિલિયન હિન્દુઓનો સમાવેશ થાય છે.

**વૈષ્ણવ ધર્મ :** વૈષ્ણવ પરંપરાઓ હિન્દુ દેવ વિષ્ણુ પર કેન્દ્રિત છે, જેની પૂજા ભક્ત સાથે કરવામાં આવે છે, દર્શાવવામાં આવી છે.વૈષ્ણવ ધર્મની પ્રાચીન ઉત્પત્તિ અસ્પષ્ટ છે, અને તેને વ્યાપકપણે વિવિધ પ્રાદેશિક બિન-વૈદિક ધર્મોનો એક ભાગ માનવામાં આવે છે. અને તેનો અંદાજ વિષ્ણુ પૂજાના મિશ્રણ તરીકે કરવામાં આવે છે. તેને ઘણી લોકપ્રિય બિન-વૈદિક આસ્તિક પરંપરાઓનું મિશ્રણ માનવામાં આવે છે.

### આણંદ ખાતે વિશાળ સહકાર સંમેલન યોજાયું

# અમિત શાહે અમૂલ ડેરીના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું

## સહકારી પ્રવૃત્તિને પીપલ, પેક્સ, પ્લેટફોર્મ, પોલિસી અને પ્રોસ્પેરિટીના આધારે સમગ્ર દેશવ્યાપી બનાવવા આહવાન






(સંપૂર્ણ સમાચાર સેવા)
આણંદ, તા.૦૬

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં કેન્દ્રીય સહકારિતા મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિતે દૂધ નગરી આણંદ ખાતે વિશાળ સહકાર સંમેલન યોજાયું હતું. વિશ્વ પ્રસિદ્ધ અમૂલ ડેરીના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરતા શાહે સહકારી પ્રવૃત્તિને પીપલ, પેક્સ, પ્લેટફોર્મ, પોલિસી અને પ્રોસ્પેરિટીના પાંચ પી (P) સાથે દેશવ્યાપી વિસ્તારવાનું આહવાન કર્યું હતું

અમિત શાહે જણાવ્યું કે, કેન્દ્રીય સહકારિતા મંત્રાલયને ચાર વર્ષ, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના ૬૦ વર્ષ અને સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતિ વર્ષના સુભગ સમન્વય આણંદમાં સહકાર સંમેલન સાથે અનેક કાર્યો થઇ રહ્યા છે. કેન્દ્રીય સહકારિતા મંત્રાલય ચાર વર્ષમાં પાંચ પી (P)આધારે કામ કરી રહ્યું છે. People (જનસેવા કેન્દ્રિત), PACS (પ્રાથમિક સહકારી મંડળીઓનું સશક્તિકરણ), Platform (ડિજિટલ પ્લેટફોર્મ), Policy (નવી નીતિઓ) અને Prosperity (સમાજની સંપન્નતા)ના આધારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સહકાર પ્રવૃત્તિનો વ્યાપ વિસ્તરી રહ્યો છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમૂલ ડેરીના ચોકલેટ, દૂધ, દહીં અને મોઝરેલા ચીઝના એક્સટેન્શન પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. સાથે એનડીડીબીના મુખ્યાલય ખાતે મણીબેન પટેલનું ભવનનું લોકાર્પણ પણ કર્યું હતું. દેશની દૂધસહકારી મંડળીઓના રાષ્ટ્રીય સંગઠનનો પાયો પણ આ બન્ને મહાનુભાવોના હસ્તે નંખાયો છે. તેમણે સરદાર પટેલ સહકારી દૂધ ડેરી ફેડરશનનું નોંધણી પત્ર અર્પણ કરી લોગોનું અનાવરણ કર્યું હતું. આ ઉપરાંત કચ્છના રણમાં કામ કરતા અગિયારોને સહકારી પ્રવૃત્તિમાં જોડવાના ઉદ્દાત હેતુંથી શરૂ કરાયેલી કચ્છ મીઠા ઉત્પાદક સહકારી મંડળીનું નોંધણી પત્ર પણ એનાયત કરવામાં આવ્યું હતું.

તેમણે અમૂલ ડેરીનું ઉદાહરણ આપતાં કહ્યું કે, ૩૬ લાખ ગુજરાતી અને ૨૦ લાખ દેશભરના મળી કુલ ૫૬ લાખ બહેનો પશુપાલન થકી દૂધ ઉત્પાદન દ્વારા રૂ. ૮૦ હજાર કરોડનું ટર્નઓવર કરે છે. જે આગામી વર્ષે એક લાખ કરોડ થશે, જેનો નફો ૫૬ લાખ સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલી આ બહેનોના ખાતામાં જશે. આ સંમેલનમાં શાહે સહકારી ક્ષેત્રની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, વૈદિક કાળથી સહકારની પરંપરા ચાલે છે. સાથે બેસી જમવાનું, કામ કરવાનું, વિચારવાનું અને સાથે રહેવાની આપણી સહકારી પરંપરાને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૨૧માં સહકાર મંત્રાલયની સ્થાપના કરીને કાયદાકીય સ્વરૂપ આપ્યું છે. ૮.૪૦ લાખની વધુ મંડળીમાં ૩૧ કરોડ સભાસદો જોડાયેલા છે. આ મંડળીઓ દૂધ, બેકિંગ, ખાંડની મિલો અને ડિજિટલ પેમેન્ટ જેવા ક્ષેત્રોમાં દેશના આર્થિક વિકાસમાં યોગદાન આપી રહી છે. આ મંત્રાલયના ચાર વર્ષમાં ૬૦થી વધુ પહેલ કરવામાં આવી છે.

અમિત શાહે સહકારી આગેવાનોને પારદર્શિતા, ટેકનોલોજીનો સ્વીકાર અને સભાસદોના હિતને કેન્દ્રમાં રાખવાની ત્રણ બાબતોને અમલમાં મૂકવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે આ બાબતો વિના સહકાર લાંબો ટકી શકે નહીં. આ ભાવનાને કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી કામાખ્યા સુધી દરેક ગામડે પહોંચાડવી જોઈએ. અનેક દેશોમાં પારદર્શિતાના અભાવના કારણે સહકારી પ્રવૃત્તિ બંધ પડી છે.

પ્રારંભે તેમણે ડૉ. શ્યામા પ્રસાદ મુખરજીની ૧૨૪મી જન્મજયંતિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે જણાવ્યું કે શ્યામા પ્રસાદજીએ પશ્ચિમ બંગાળને ભારતનો ભાગ બનાવવામાં અને કાશ્મીરને દેશનો અભિન્ન હિસ્સો બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી. "એક દેશમાં બે નિશાન, બે વિધાન, બે પ્રધાન નહીં ચાલે"ના નારા સાથે તેમણે પોતાનું બલિદાન આપ્યું હતું. તેમણે પંડિત નેહરુના મંત્રીમંડળમાંથી રાજીનામું આપી ભારતીય જનસંઘની સ્થાપના કરી હતી, તે આજે ૧૨ કરોડ સભ્યો સાથે વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી છે.તેમણે અમૂલ, એનડીડીબી અને કચ્છમાં મીઠા સહકારી મંડળીનો પ્રારંભ કરવા બદલ તમામને શુભેચ્છા પાઠવી હતી અને ઉમેર્યું કે આ પહેલ નમક ઉત્પાદક ખેડૂતો માટે મોટી સફળતા બનશે. તેમણે ભારતના સહકારી ક્ષેત્રને મજબૂત કરી વિશ્વ માટે ઉદાહરણ બનાવવાનો સંકલ્પ પણ આ તકે વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ ગુજરાતના સહકારી ક્ષેત્રની સિદ્ધિઓ પર ગૌરવ વ્યક્ત કરતાં જણાવ્યું હતુ કે, ગુજરાતે સ્વાતંત્ર્ય સંગ્રામમાં અસહકાર આંદોલનની આગેવાની લીધી હતી, અને આજે સહકારીતામાં પણ અગ્રેસર છે. રાજ્યનું સહકારી ક્ષેત્ર રૂ. ચાર લાખ કરોડનું ટર્નઓવર ધરાવે છે, ૨૭ લાખથી વધુ નવા બેંક ખાતાં ખોલવામાં આવ્યાં છે અને રૂ. ૧૨૦૦૦ કરોડથી વધુ થાપણો જમા થઈ છે. દૂધ ઉત્પાદનમાં રોજના ૩૨૫ લાખ લિટરનો સંગ્રહ થાય છે, અને મહિલા-સંચાલિત દૂધ મંડળીઓની સંખ્યામાં ૨૧ ટકા તેમજ તેમની આવકમાં ૪૩ ટકાનો વધારો નોંધાયો છે.

# અદાણી વિદ્યામંદિરના વિવેકે ઓક્સફર્ડ યુનિ.માં પ્રવેશ સાથે અનોખી સિદ્ધી મેળવી

## AVMAથી વેઇડન ફેલ્ડ-હોફમેન સ્કોલર સુધીની પ્રેરણાદાયી સફર



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
અમદાવાદ, તા.૦૬

અદાણી વિદ્યામંદિરના મેધાવી છાત્ર વિવેકે વિશ્વ વિખ્યાત ઓક્સફર્ડ યુનિ.માં પ્રવેશ મેળવી અનોખી સિદ્ધી હાંસલ કરી છે. વિવેકને જૈવ વિવિધતા, સંરક્ષણ અને નેચર રિકવરીમાં MSc કોર્સ માટે પ્રવેશપત્ર મળ્યો છે. તેને વેઇડનફેલ્ડ-હોફમેન સ્કોલર તરીકે પસંદ કરવામાં આવ્યો છે. એટલુ જ નહીં, વૈશ્વિક પડકારોનો ઉકેલ શોધી પરિવર્તનને સમર્થન આપતા આ સ્પર્ધાત્મક કાર્યક્રમને સંપૂર્ણ ભંડોળ પણ પૂરું પાડવામાં આવ્યું છે.

૨૦૦૯ માં વિવેક ચોવટિયા નામનો એક શરમાળ વિદ્યાર્થી અદાણી વિદ્યામંદિર અમદાવાદ (AVMA) માં પ્રવેશ્યો ત્યારે તેને સપનેય ખ્યાલ ન હતો કે એક દિવસ તે ઓક્સફર્ડમાં અભ્યાસ કરશે. એક સુરક્ષા ગાર્ડના પુત્ર તરીકે નમ્ર શરૂઆત કરતાં તેણે ઉંચા સપનાઓ જોયા હતા. તે સ્થિતિ સ્થાપકતા, નિશ્ચય અને શિક્ષણની પરિવર્તનશીલ શક્તિનું ઉમદા ઉદાહરણ છે.

વિવેકે AVMAના વર્ગખંડોમાં ભણતર સાથે જીવન ઘડતરના પાઠ શીખ્યા. સમર્પિત શિક્ષકોનું માર્ગદર્શન અને ગુરૂકુલ સમા વાતાવરણમાં તેણે પ્રખરતા સાબિત કરી. ૨૦૧૯ માં ૧૨મા ધોરણના PCB પ્રવાહમાં ૮૫% માર્ક્સ મેળવી તેણે અસાધારણ સફર માટેનો માર્ગ મોકળો કર્યો. નવસારી કૃષિ યુનિવર્સિટીમાં ફોરેસ્ટ્રીમાં B.Sc. (Hons.) વિવેકને વાઇસ ચાન્સેલરનો ગોલ્ડ મેડલ મળ્યો.

વર્ગખંડ ઉપરાંત તેણે NCC નેવી કેડેટ કેપ્ટન તરીકે નેતૃત્વનું પ્રદર્શન કર્યું હતું. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળ હૈદરાબાદ સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેસ્ટ બાયોડાયવર્સિટી (ICFRE) ખાતે ઈન્ટર્ન તરીકે કેમ્પસ પ્લેસમેન્ટને દરકિનાર કરી વિવેકે છેલ્લા આઠ મહિનાથી ગુજરાત વન વિભાગ સાથે ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં જૈવ વિવિધતા સંશોધનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

વિવેકની શૈક્ષણિક યાત્રાને ચાર ચાંદ ત્યારે લાગ્યા જ્યારે તેને ઓક્સફર્ડ યુનિવર્સિટી તરફથી જૈવ વિવિધતા, સંરક્ષણ અને નેચર રિકવરીમાં એમએસસી માટે પ્રવેશ મળ્યો. વિવેક આ સફળતાનો સઘળો શ્રેય AVMA ને આપે છે. વિવેક જણાવે છે કે, "અદાણી વિદ્યામંદિરમાં મજબૂત શૈક્ષણિક પાયા, મૂલ્યો અને પ્રોત્સાહને મારી યાત્રાને નવો આકાર આપ્યો, ગુરુજનોએ મારી જિજ્ઞાસા સંતોષી ઉચ્ચ લક્ષ્યો પ્રાપ્ત કરવાની અલખ જગાવી."

અમદાવાદની સાધારણ ગલીઓથી લઈને વૈશ્વિક મંચ સુધી પહોંચવાની આસફળ વાર્તા એ સાબિત કરે છે કે વિશ્વાસ, સ્થિતિસ્થાપકતા અને સમર્પિત મહેનત સામે કોઈ પણ સ્વપ્ન અશક્ય નથી.

# ક્રોમાના 'બેક ટુ કેમ્પસ સેલ'માં માત્ર રૂા.૨૮,૯૯૦ની શરૂઆતી કિંમતે લેપટોપ ખરીદો





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સુરત, તા. ૦૬

ટાટા સમૂહની ભારતની પ્રથમ અને વિશ્વસનીય ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેઈલર ક્રોમાએ તેના 'બેક ટુ કેમ્પસ' સેલની જાહેરાત કરી છે. ટેક્નોલોજીને આધુનિક શિક્ષણના કેન્દ્રમાં રાખતાં આ કેમ્પેઇન વિદ્યાર્થીઓ અને ટેક્નોલોજીમાં રૂચિ ધરાવતા વ્યક્તિઓને સશક્ત કરવા માટે ડિઝાઈન કરાયું છે.

ઓફરની કેટલીક વિશેષતાઓ-મેકબુકએર એમ૨ 'રૂા. ૪૬,૩૯૦' ની કિંમતે શરૂ, સ્ટુડન્ટ ડિસ્કાઉન્ટ, એક્સચેન્જ બોનસ અને રૂા.૧૦,૦૦૦ સુધીના કેશ બેક સાથે. સેમસંગ ગેલેક્સી ટેબએસ ૯ ૫જી પ્રતિમાસ રૂા. ૩,૮૪૯ની કિંમતે, લેક્ચર્સ, મલ્ટી ટાસ્કિંગ અને એન્ટરટેઇન મેન્ટ માટે આદર્શ. એઆઈ પાવર્ડ વિન્ડોઝ લેપટોપ રૂા. ૫૫,૯૯૦ની કિંમતે શરૂ, સંપૂર્ણ માઈક્રોસોફ્ટ ઓફિસ, ૨૪ મહિનાના ઝિરો-કોસ્ટ ઈએમઆઈઅ રૂા. ૧૦,૦૦૦ સુધીના કેશ બેક. ક્રોમાનું ૨૦૦થી વધુ શહેરોમાં ૫૬૦ થી વધુ સ્ટોર્સમાં વિશાળ નેટવર્ક સુનિશ્ચિત કરે છે કે મેટ્રો, ટિયર-૨ શહેરો અને તેનાથી આગળના વિદ્યાર્થીઓ એક્સક્લુઝિવ બંડલ્સ અને ડિસ્કાઉન્ટ મેળવે. ઝિરો-કોસ્ટ એએમઆઇ ઓફર્સ અને વિદ્યાર્થીઓ માટેઆકર્ષક લાભો.

### રાજ્યમાં આ વર્ષે ધમાકેદાર રીતે ચોમાસાની શરુઆત

# નવસારી-વલસાડમાં ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ




(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૦૬

રાજ્યમાં આ વર્ષે ધમાકેદાર રીતે ચોમાસાની શરુઆત થઈ છે. આજે પણ વહેલી સવારથી જ અનેક જિલ્લાઓમાં મેઘરાજા જોરદાર બેટિંગ કરી રહ્યા છે.

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં વરસાદને લઈ આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આવતીકાલે સોમવારે રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદનું અનુમાન છે. કાલે નવસારી અને વલસાડમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગ મજુબ ૭ જૂલાઈ સોમવારના દિવસે અમરેલી, ભાવનગર, સુરત, તાપી અને ડાંગમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે નવસારી, વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

રાજ્યમાં એક સાથે ત્રણ-ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યમાં ધોધમાર વરસાદની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગે સાત દિવસ રાજ્યભરમાં વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ મુજબ આગામી સાત દિવસ રાજ્યના અલગ-અલગ જિલ્લામાં ક્યાંક ભારે તો ક્યાંક હળવો વરસાદ વરસી શકે છે. ભારે વરસાદની આગાહી વચ્ચે માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે.

આજે ૧૨ જિલ્લા અને બે સંઘ પ્રદેશ દમણ અને દાદરાનગર હવેલીમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે ૧૬ જિલ્લામાં વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડની સાથે દમણ અને દાદરાનગર હવેલીમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે રાજકોટ, બોટાદ, ગીર સોમનાથ, દીવ, આણંદ, ભરૂચ, સુરત, તાપી, ડાંગમાં વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

રાજ્યમાં હાલ ત્રણ સિસ્ટમ સક્રિય હોવાથી સાર્વત્રિક વરસાદ નોંધાઇ રહ્યો છે. સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. તો દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા તોફાની બેટિંગ કરી રહ્યાં છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં ૮ જુલાઇ સુધી સારા સાર્વત્રિક વરસાદનું અનુમાન છે. ૮ જુલાઇ બાદ વરસાદનું જોર ઘટી શકે છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ અરવલ્લીના ભિલોડામાં સાડા ૬ ઈંચ વરસાદ વરસ્યો છે.

# વડોદરામાં એન્જિયરિંગના વિદ્યાર્થીએ ૮મા માળેથી કૂદી આપઘાત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
વડોદરા, તા.૦૬

રાજ્યમાં હત્યા, મારામારી, આપઘાતની ઘટના સામે આવતી હોય છે, ત્યારે વડોદરામાં એન્જિયરિંગના વિદ્યાર્થીએ ૮મા માળેથી કૂદીને આપઘાત કર્યો છે. વિદ્યાર્થી MS યુનિવિર્સિટીમાં મિકેનિકલ એન્જિયરિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. બનાવ અંગે જાણ કરતાં પોલીસ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી પહોંચી હતી. વિદ્યાર્થીએ ક્યાં કારણોસર આપઘાત કર્યો તેને લઈને કોઈ માહિતી સામે આવી નથી, ત્યારે પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વડોદરાના અક્ષરચોકમાં આવેલી ૮ માળની મેપલ વિસ્ટા બિલ્ડીંગ પરથી MS યુનિવિર્સિટીમાં મિકેનિકલ એન્જિયરિંગના ૨૨ વર્ષીય વિદ્યાર્થીએ પડતુ મુકીને જીવન ટૂંકાવ્યો હોવાની ઘટના સામે આવી છે. વિદ્યાર્થી આપઘાત કરવા જતાં એક વ્યક્તિને ધ્યાને આવ્યા બાદ પોલીસે જાણ કરી હતી. જો કે, પોલીસ પહોંચે તે પહેલા યુવકે બિલ્ડિંગ પરથી છલાંગ લગાવીને આપઘાત કરી લીધો હતો.

સમગ્ર ઘટનાને પગલે ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે વિદ્યાર્થીને સીપીઆર આપીને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, વિદ્યાર્થીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. વિદ્યાર્થીના આપઘાતનું કારણ અકબંધ છે, ત્યારે જે.પી. રોડ પોલીસે વિદ્યાર્થીના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલમાં મોકલીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દાદરા નગરહવેલીના સુરંગી ખાતે વિરાટ હિન્દુ ભગત સંમેલન યોજાયું

# અનેક આક્રાંતાઓના હુમલા, કષ્ટો સહન કર્યા બાદ પણ સનાતન સંસ્કૃતિ ટકી રહી: ચિન્મયદાસ સ્વામી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૬**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલીનાં સુરંગી પ્રાથમિક શાળા ખાતે શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠ, સલવાવ-વાપી (યુએસએ) દ્વારા તા.૬-૭-૨૦૨૫ રવિવારનાં રોજ વિરાટ હિન્દુ ભગત સંમેલનનું આયોજન સલવાવનાં સંતશ્રી ગુરૂવર્ય પૂરાણી સ્વામી કેશવચરણદાસનાં આશીર્વાદ અને પૂરાણી સ્વામી કપીલજીવનદાસજીનાં અધ્યક્ષતામાં ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું.

દેવશયની અગિયારસ અને પવિત્ર ચાર્તુમાસનો પ્રારંભ આજથી થઈ રહ્યો હોય કાર્યક્રમની રૂપરેખા જણાવતા રામસ્વામીએ ભજન ગાન માટે આહ્‌વાન કરતા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સલવાવનાં બાળ ભગતો અને માધવ સ્વામીનાં સંગીતનાં સૂર સથવારે કૃષ્ણ ભજનોથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત સંતો અને મહેમાનોનાં હસ્તે દિપપ્રાગટ્ય કર્યા બાદ કાર્યક્રમને સંબોધિત કરતા પૂજ્ય પૂરાણી સ્વામી કપિલજીવનદાસજીએ જણાવ્યું કે, આજે પવિત્ર ચાર્તુમાસનો પ્રારંભ અને દેવશયની એકાદશી હોય સંતો અને ભગતોનો અનોખો સંગમ અહીં નિહાળવા મળી રહ્યો છે, ત્યારે સનાતન સંસ્કૃતિનું રક્ષણ અને જતન કરવાની આપણા સૌનું કર્તવ્ય અને જવાબદારી છે. સેંકડો વર્ષોથી સનાતન સંસ્કૃતિને હાનિ પહોંચાડવાના પ્રયાસો વિધર્મીઓ દ્વારા થતાં હતા અને આજે પણ સતત ચાલું છે. ગરીબ અને ભોળા આદિવાસી લોકોને અન્ય ધર્મમાં પરિવર્તન કરાવવા માટે લોભ લાલચ આપવામાં આવી રહ્યા છે, ત્યારે આપણી

## જેટલું સમુદ્રમાં પાણી છે એટલી જ માતાઓનું દૂધ પીને ૮૪ લાખ યોની પ્રવેશ બાદ મનુષ્ય યોનીમાં જન્મ મળ્યો છે: કપિલ સ્વામીજી

સૌની જવાબદારી છે કે, જે લોકો હિન્દુ ધર્મને છોડીને અન્ય ધર્મમાં પરિવર્તન કરી ગયા છે તેમને પરત હિન્દુ ધર્મમાં લાવી સનાતન ધર્મનું મહાત્મ્ય સમજાવી મહાન વિરાસત અને વારસો ધરાવતા સનાનત સંસ્કૃતિમાં આવકાર આપવો અને પરત સનાતન ધર્મમાં લાવવા માટે સતત સૌને આગળ આવવા માટે આહ્‌વાન કર્યું હતું.

વધુમાં કપિલ સ્વામીજીએ જણાવ્યું હતું કે, મનુષ્ય જીવન આપણને ૮૪ લાખ યોનીમાં ભટક્યા પછી આ માનવ જીવન મળ્યું છે. સમુદ્રમાં જેટલું પાણી છે એટલી જ માતાઓનું દૂધ આપણે પીને મનુષ્ય જીવન મેળવ્યું છે અને તે પણ મહાન સનાતન ધર્મમાં આપણો જન્મ થયો છે. દયા, પ્રેમભાવ અને કરૂણા સાથે દેશપ્રેમ, ઉચ્ચ વિચારો એકબીજાને સહકારની ભાવના સનાતન સંસ્કૃતિ શિખવાડે છે. જીવનમાં દરેક મુશ્કેલ સમયમાં તમે ઈશ્વરની શરણમાં ચાલી જવું, ઈશ્વરને શ્રધ્ધા-વિશ્વાસ સિવાય કંઈ નથી જોઈતું, તમારો વિશ્વાસ અને શ્રધ્ધા સાચી હશે તો તમે દરેક મુશ્કેલ પરિસ્થિતિમાંથી હેમખેમ બહાર નિકળી જશે એની ગેરેંટી છે.

જો તમે ભક્તિ-ભજન ના કરો તો સનાતન સંસ્કૃતિનું પતન થશે. સનાતન સંસ્કૃતિનાં રક્ષણ માટે જતન માટે રોજ ભક્તિ કરો - પરિવાર સાથે મંદિરે જાવો ઘરમાં ભક્તિમય માહોલ બનાવો અને બાળકોને સનાતન સંસ્કૃતિ વિશે માહિતગાર કરો. આજે મંદિરોનું રક્ષણ કરવું પણ અતિ જરૂરી બની રહ્યુ છે.

સનાતન સંસ્કૃતિનાં રક્ષણ માટે તમારે યુધ્ધ લડવાની જરૂર નથી પરંતુ આપણા સનાતન ધર્મ વિરૂધ્ધ પ્રવૃત્તિ કરે તો પ્રતિકાર જરૂર કરવા માટે ઉપસ્થિત સંતો-ભગતોને આહ્‌વાન કર્યું હતું.

જ્યારે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ચિન્મય સ્વામીજીએ જણાવ્યું હતું કે, વિધર્મીઓ સામે લડવું નથી પણ રક્ષણ કરવું જરૂરી છે. સનાતન સંસ્કૃતિને અમર રાખવી છે તો ભક્તિ તરફ વળવું જરૂરી છે. સંસ્કૃતિનું રક્ષણ કરવું જરૂરી છે. ઘણા વિધર્મીઓ સનાતન ધર્મ સંસ્કૃતિને તોડવાનું કાર્ય કરી રહ્યા છે પરંતુ આપણે સનાતન ધર્મનો ત્યાગ ન કરવો અને સનાતન સાથે હંમેશા જોડાયેલ રહેવું. અનેક આક્રાંતાઓનો હુમલો, કષ્ટો સહન કર્યા બાદ પણ સનાતન સંસ્કૃતિ ટકી રહી છે. સત્સંગ કરતા રહેવું એના માટે ભગતોને ભજન મંડળીઓને વાંજિત્રો ભેટ આપવામાં આવે છે.

આ કાર્યક્રમમાં આદિવાસી ખેડૂતોને આંબા કલમનાં વિતરણ તેમજ ગરીબ આદિવાસી દિકરીઓનાં મફત શિક્ષણની જાણકારી પણ પૂજ્ય કપિલ સ્વામીજી દ્વારા આપવામાં આવી હતી. તેમજ નિરાધાર દિકરીઓને ગુરૂકુળમાં મફત ભણવાની રહેવાની, કપડા સહિત જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ સંસ્થા દ્વારા આપવામાં આવે જો કોઈ જંગલ વિસ્તારમાં નિરાધાર - ગરીબ દિકરી હોય તો તેમને ગુરૂકુળમાં શિક્ષણ સાથે રહેવાની સુવિધા પણ મળી રહેશેનું જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો અને સંતો - ભગતોનું શાલ ઓઢાડી તેમજ ૧૦૦ જેટલા ભગત ભજન મંડળીઓને વાંજિત્ર ઢોલ, કરતાલ, મંજીરા, ઘૂઘરા વિગેરે ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે ત્રિલોકનાથ યાદવ, ઈન્દ્રભાઈ પાંડે આર.એસ.એસ. અને વિશ્વ હિન્દુ પરિષદ યુવા પ્રમુખ, સેલવાસ તથા જગનભાઈ પવાર વનવાસી કલ્યાણ આશ્રમ પ્રાંત સંગઠન મંત્રી, ખીમજીભાઈ સાંખલા, હિતેશભાઈ ભાનુશાલી, શિરીષભાઈ હિરપરા, શૈલેષભાઈ સોની વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધીકર કરતા રામકૃષ્ણ દાસજીએ સુરંગી પ્રાથમિક શાળાના આચાર્ય સુરેન્દ્રભાઈ દેસાઈ અને સ્ટાફનો વિશેષ આભાર માન્યો હતો.

# બાર રાજ્યોના ૨૨૦ જેટલા વિદ્યાર્થીઓના સથવારે આયોજિત રાષ્ટ્રીય એકતા શિબિર ધરમપુરના બરૂમાળ ખાતે સંપન્ન




**તમામ રાજ્યોના વિદ્યાર્થીઓએ ધરમપુરના વિવિધ પ્રવાસન ધામ અને આસપાસના ધાર્મિક કેન્દ્રોની મુલાકાત કરી**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૬**

ધરમપુર તાલુકાના બરૂમાળ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અંતર્ગત ભવ્ય રાષ્ટ્રીય એકતા શિબિરનું સફળ આયોજન એન.એસ.એસ. રિજિયોનલ ડાયરેક્ટરેટ, અમદાવાદ, સ્ટેટ એન.એસ.એસ. સેલ, ગાંધીનગર, તેમજ શ્રીમતી સી.ડી.જે. રોફેલ આર્ટ્સ અને શ્રીમતી આઈ. એસ.આર.એ. રોફેલ કોમર્સ કોલેજ, વાપીના સંયુક્ત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યું હતું.

વિવિધ રાજ્યોના વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકાત્મભાવના, ભાઈચારો, સંસ્કૃતિનું આદન પ્રદાન સંઘે સેવાના વિવિધ ગુણોનો વિકાસ થાય એને અનુલક્ષી યોજાયેલી આ શિબિરમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, પોંડિચેરી, ઉત્તરાખંડ, ઓડિસ્સા, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, ગુજરાત, સિક્કિમ, તેલંગાણા અને હિમાચલ પ્રદેશ સહિત કુલ ૧૨ રાજ્યોમાંથી ૨૨૦ એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ, સ્વયંસેવકો અને પ્રોગ્રામ ઓફિસરોએ ભાગ લીધો હતો.

એક સપ્તાહ સુધી ચાલેલા આ શિબિરમાં લોકનૃત્ય, સાંસ્કૃતિક કાર્યક્રમો, ભાષણ સ્પર્ધા, નાટક, કવિસંમેલન, યોગ, સ્વચ્છતા અભિયાન, રેલી, ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા જેમાં દરેક રાજ્યોના વિદ્યાર્થીઓએ પોતાની સંસ્કૃતિને ઉજાગર કરતા કાર્યક્રમો રજૂ કર્યા બાદ તમામ રાજ્યોના વિદ્યાર્થીઓએ ધરમપુરના વિવિધ પ્રવાસન ધામ અને આસપાસના ધાર્મિક કેન્દ્રોની મુલાકાત કરી હતી.

આ શિબિરમાં ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, એન.એસ.એસ. રિજિયોનલ ડાયરેક્ટર કમલકુમાર કરજી, વી.એન.એસ.જી.યુ.ના રજીસ્ટાર ડો.રમેશદાન ગઢવી, એન.એસ.એસ. કો-ઓર્ડિનેટર ડો.શ્રીધર નિમાવત, તથા રોફેલ કોલેજના આચાર્ય ડો.હેમાલીબેન દેસાઈ ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર, એન.એસ.એસ. કો-ઓર્ડિનેટર શ્રીધર નિમાવત, તથા ગૌરાંગ વોરાએ ઉપસ્થિત રહી દરેક વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકને અભિનંદન પાઠવ્યા અને પ્રશસ્તિ પત્ર વિતરણ કર્યું હતું.

# આર્થિક રીતે નબળા પરંતુ ભણવામાં હોશિયાર વિદ્યાર્થીઓને વ્હારે આવતું પારડી જીવદયા ગ્રુપ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**પારડી, તા.૦૬:** પારડી ખાતે આવેલ જીવદયા ગ્રુપના પ્રમુખ શ્રી અલી અન્સારી અને ઉપપ્રમુખ શ્રી અશ્વિનભાઈ દેસાઈ તથા તેમની સમગ્ર ટીમ ફક્ત સરિસૃપ સાંપોને રેસ્કયું કરી જીવ બચાવવાનું કામ નથી કરતી. પરંતુ પારડી તથા આજુબાજુના વિસ્તારોમાં થતા અકસ્માત કે હોસ્પિટલોમાંથી અન્ય હોસ્પિટલોમાં સિફટ કરવા માટે એમ્બ્યુલન્સ કે અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતી છે.

આવીજ સેવાકીય પ્રવૃત્તિઓને આગળ વધારતા પારડી જીવદયા ગ્રુપના પ્રમુખ શ્રી અલી અન્સારી અને ઉપપ્રમુખ શ્રી અશ્વિનભાઈ દેસાઈ પારડીમાં રહેતા ભણવામાં હોશિયાર અને આર્થિક રીતે નબળા એવા વિદ્યાર્થીઓની વ્હારે આવ્યા છે અને પોતાના જીવદયા ગ્રુપ દ્વારા તેમને તમામ પ્રકારની મદદ કરવાની અપીલ કરી હતી

તારીખ ૫/૭/૨૦૨૫ ના રોજ ધોરણ ૧૧માં ભણતો કુંજલ બલરામભાઈ હળપતિ જે ભણવામાં હોશિયાર છે પરંતુ આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાથી આગળ ભણી શકાય તેમ ન હોયની જાણ જીવદયા ગ્રુપના ઉપપ્રમુખ શ્રી અશ્વિનભાઈ દેસાઈને જાણ થતાં શ્રી અશ્વિનભાઈએ તાત્કાલિક શ્રી અલીભાઈ અન્સારીને જાણ કરતા ૧૧માં ધોરણના ચોપડા બે જોડી યુનિફોર્મ તથા નોટબુક અને જીવન જરૂરની વસ્તુ જીવદયા ગ્રુપ તરફથી એમને આપવામાં આવી હતી અને સાથે સાથે આગળ પણ ભણવામાં કંઈ પણ તકલીફ હોય તાત્કાલિક જીવદયા ગ્રુપને જાણ કરવા જણાવ્યું હતું અને પારડી શહેરના કોઈપણ વિદ્યાર્થીઓ જેઓ ૧૦, ૧૧ અને ૧૨ ધોરણમાં અભ્યાસ કરતા હોય, હોશિયાર હોય અને આર્થિક પરિસ્થિતિ ખરાબ હોય તાત્કાલિક જીવદયા ગ્રુપને જાણ કરવા અપીલ કરી તમારા ચોપડાનો, યુનિફોર્મ તથા નોટબુક અને બીજી બધું જે પણ વસ્તુ જોઈતું હોય તો જીવદયા ગ્રુપ ખડે પગ આપવા તૈયાર રહેશે હોવાનું જણાવ્યું હતું.

# ચીખલીમાં એસ.ટી. બસ સ્ટેશનનો સ્લેબ વરસતા વરસાદમાં ભરવામાં આવતા ગુણવત્તા સામે ઉભા થયેલા અનેક સવાલો!



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી(વંકાલ), તા.૦૬**

ચીખલીમાં બસ સ્ટેશનના બાંધકામમાં હલકી ગુણવત્તાવાળી કામગીરી અને બેદરકારી ભર્યા કારભારને પગલે ૧૭,ફેબ્રુઆરી,૨૦૨૪ના રોજ ચાલુ કામે બીમ-સ્લેબનું માળખું જમીનદોસ્ત થતાં શ્રમિકોને નાની મોટી ઈજા થવા પામી હતી. આ બનાવ બાદ કામ બંધ થઈ જવા સાથે ટલ્લે ચડી ગયું હતું. આ બાંધકામ પુનઃ શરૂ કરાવવા માટે ગણદેવીના ધારાસભ્ય શ્રી નરેશભાઈ અને વાંસદાના ધારાસભ્ય શ્રી અનંતભાઈ પટેલ દ્વારા રાજયના માર્ગ વાહન વ્યવહાર મંત્રી અને એસટી નિગમના ઉચ્ચ અધિકારીઓને પણ અવાર-નવાર રજૂઆત કરી ધ્યાન દોરવામાં આવ્યું હતું.

આ દરમિયાન મેં માસના મધ્યમાં ફરીથી બસ સ્ટેશનના બાંધકામની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી અને શનિવારના રોજ કામ કરનાર એજન્સી દ્વારા ચીખલી તાલુકામાં ૨.૮૮ ઈંચ જેટલો વરસાદ વચ્ચે ચાલુ વરસાદમાં જ ચીખલી બસ સ્ટેશનનો સ્લેબ ભરવામાં આવતા તેની ગુણવત્તા સામે પણ સવાલો ઉભા થવા પામ્યા છે.

ચાલુ વરસાદ દરમિયાન સ્લેબ ભરવામાં આવતા તે કેટલો ટકાઉ હશે? ચાલુ વરસાદમાં સ્લેબ ભરવામાં આવતા તેમાં કંઈક ખામી સર્જાય અને ઉપરોક્ત સ્લેબનો માળખું અગાઉની જેમ ફરી પાછું ભોંય ભેગુ થાય અને કોઈકને ઈજા પહોંચે તો તેની જવાબદારી કોની ? તેવા અનેક સવાલો હાલ ઉભા થવા પામ્યા છે.

# નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે નવનિર્મિત જુજવાની ડી.એલ.શાહ પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૬**




રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ વલસાડ તાલુકાના જુજવા ખાતે અંદાજીત રૂ.૫.૬૦ કરોડના ખર્ચે નવનિર્મિત ડી. એલ. શાહ પ્રાથમિક શાળાનું લોકાર્પણ કર્યું હતું. આ શાળાનું સંચાલન શ્રી જુજવા વિભાગ કેળવણી મંડળ દ્વારા કરવામાં આવે છે.

લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રીએ સૌને અભિનંદન પાઠવતા કહ્યું હતુ કે, હજારો વર્ષો પહેલા ગુરૂકૂળમાં અભ્યાસ થતો હતો. ત્યારે આવી શિક્ષણ પદ્ધતિ ન હતી પરંતુ જીવનનું દરેક શિક્ષણ આપવામાં આવતું હતું. હવે ટેકનોલોજીનો યુગ છે એ પ્રમાણેનું શિક્ષણ આપવામાં આવે છે. જેની સાથે સાથે અંગ્રેજી ભાષાનું પણ ચલણ વધ્યું છે. પરંતુ માતૃભાષામાં આપવામાં આવતું શિક્ષણ ખુબ જ મહત્વનું છે. માતૃભાષાને કારણે બાળકની ગ્રહણ શક્તિ વધે છે અને સમજવામાં પણ સરળતા રહે છે.

મંત્રીશ્રીએ ગાંધીજી, સરદાર પટેલને તેમનું શિક્ષણ દેશને કેવી રીતે ઉપયોગી થયું હતું તે જણાવ્યું હતું. વધુમાં તેમણે વલસાડના ગૌરવ એવા ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી સ્વ. મોરારજીભાઈ દેસાઈને યાદ કરતા કહ્યું હતું કે, તેમણે પણ સામાન્ય શાળામાં જ શિક્ષણ મેળવ્યું હતું પરંતુ દેશના વિકાસ માટે અનેક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા હતા. વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલે શાળાના લોકાર્પણની શુભેચ્છા આપતા પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે, શાળાના નવા મકાનથી વિદ્યાર્થીઓને સુવિધાયુક્ત શિક્ષણ મળશે. કાર્યક્રમમાં વાપી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ સતિષભાઈ પટેલ, વલસાડ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સોનલબેન સોલંકી, ડી.એલ.શાહ ઓર્ગેનાઈઝેશનના ધનશ્રીબેન ગાંધી, દાતા ભરતભાઈ દેસાઈ, અન્ય દાતાઓ, ટ્રસ્ટના ટ્રસ્ટી અને સભ્યો, ગામના અગ્રણીઓ, શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી સહિત જિલ્લાના વિવિધ શહેરોમાં મુસ્લિમ બિરાદરો દ્વારા મોહરમ ઉત્સવ નિમિત્તે કલાત્મક તાજીયા સાથે જુલુસ નિકળ્યા




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૬**

વાપી સહિત વલસાડ જિલ્લામાં વિવિધ શહેરોમાં આજે રવિવારે મુસ્લિમ બિરાદરો દ્વારા મોહરમ ઉત્તસવ નિમિત્તે કલાત્મક તાજીયા સાથે ઝુલુશ કાઢવામાં આવ્યા હતા. તાજીયા શહેરના વિવિધ વિસ્તારોમાં ફેરવી મોહરમની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

ઈસ્લામિક કેલેન્ડર હિજરી કેલેન્ડરનો પહેલો મહિનો મોહરમથી નવું વર્ષ શરૂ થાય છે. મોહરમ કબીલાના શહિદોની યાદમાં ઝુલુશ કાઢવામાં આવે છે. અંતિમ પૈંગમ્બર હઝરત મોહમ્મદ સાહેબના પૌત્ર ઈમામ હુસેન અને તેમના સાથીઓની યાદમાં મોહરમ મનાવાય છે. દેશભરમાં મુસ્લિમ સમુદાયના મોટા પહેવારો પૈકીનો એક ગણાતો હોવાથી મોહરમની પરંપરાગત ઉજવણી કરવામાં આવે છે. મોહરમ એ આનંદને તહેવાર અને મહિનો એ આનંદનો તહેવાર નહીં, પરંતુ માતમ અને દુઃખનો મહિનો છે. મોહરમનો મતલબ હરામ એટલે પ્રતિબંધિત થાય છે. આ મહિનામાં યુદ્ધ કરવું હરામ માનવામાં આવે છે.શહીદીની ઘટના યાદ કરે છે. અને ઈબાદત કરવામાં આવે છે.

મોહરમમાં ખીચડો બનાવવાની પરંપરા છે. તાજીયાના ઝુલુશ દરમિયાન અનેક ઠેકાણે શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું. મોહરમની ઉજવણી સીયા અને સુન્ની બન્ને મુસલમાનો પરંપરાગત પોતપોતાની રસમ મુજબ કરે છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

૧૦ છગ્ગા ફટકારીને વૈભવે તેનો જૂનો રેકોર્ડ પણ તોડ્યો

## વૈભવ સુર્યવંશીએ ઈંગ્લેન્ડમાં કરી કમાલ, ૫૨ બોલમાં સદી ફટકારી

**ઈંગ્લેન્ડ અંડર-૧૯ સામેની ચોથી યુથ વનડેમાં ૭૮ બોલમાં ૧૩ ચોગ્ગા અને ૧૦ છગ્ગા દ્વારા ૧૪૩ રન બનાવ્યા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૬ :** ભારતના સ્ટાર બેટર વૈભવ સૂર્યવંશીનું ઈંગ્લેન્ડમાં ધમાલ મચાવી છે. તેમણે ભારતીય અંડર-૧૯ ટીમ તરફથી રમતાં તેણે ઈંગ્લેન્ડ અંડર-૧૯ સામેની ચોથી યુથ વનડેમાં ૭૮ બોલમાં ૧૩ ચોગ્ગા અને ૧૦ છગ્ગા દ્વારા ૧૪૩ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ ૧૮૩.૩૩ રહ્યો હતો. વૈભવ યુથ વનડેમાં સદી ફટકારનાર સૌથી ઝડપી બેટર બની ગયો છે. આટલું જ નહીં, તે યુથ વનડેમાં સૌથી નાની ઉંમરનો સદી બનાવનાર પણ બન્યો છે. સદી ફટકારતી વખતે તેની ઉંમર ૧૪ વર્ષ અને ૧૦૦ દિવસ હતી.

વૈભવે આ સાથે છેલ્લી મેચમાં બનાવેલો પોતાનો જ રેકોર્ડ તોડી દીધો છે. છેલ્લી વનડેમાં તે અંડર ૧૯ યૂથ વનડે એક મેચની ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા લગાવનારો ભારતીય ખેલાડી બન્યો હતો. છેલ્લી વનડેમાં વૈભવે ૩૧ બોલમાં ૬ ચોગ્ગા અને ૯ છગ્ગા દ્વારા તેણે ૮૬ રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ ૨૭૭.૪૨ નો રહ્યો હતો. હવે ૧૦ છગ્ગા ફટકારીને તેણે તેનો જૂનો રેકોર્ડ પણ તોડી દીધો છે. અંડર ૧૯માં યૂથ વનડેની એક મેચની ઈનિંગમાં સૌથી વધારે છગ્ગા ફટકારવાનો ભારતીય રેકોર્ડ વૈભવ પહેલા રાજ બાવા (૯ છગ્ગા)ના નામે હતો. તેણે ૨૦૨૨માં યુગાંડા સામે આવું કર્યું હતું. પરંતુ વૈભવે પહેલા તેનો રેકોર્ડ તોડ્યો અને હવે પોતાનો જ રેકોર્ડ તોડ્યો છે.

ઈંગ્લેન્ડ અંડર ૧૯ ટીમને કેપ્ટન થોમસ રિયૂએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. આયુષ મ્હાત્રેના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ સીરિઝ ૨-૧ થી આગળ છે. ટીમ ઈન્ડિયાની પહેલા બેટિંગ કરતી વખતે ઓપનિંગ સારી નહોતી. કેપ્ટન મ્હાત્રે પાંચ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. જોકે, એ પછી વૈભવે તેનો કમાલ શરુ કરી ચોગ્ગા અને છગ્ગાનો વરસાદ કર્યો. તેણે કોઈ પણ ઈંગ્લેન્ડ બોલરને છોડ્યો નહીં અને ૫૨ બોલમાં સદી પૂરી કરી. વૈભવે ૭૮ બોલમાં ૧૪૩ રનની તોફાની ઈનિંગ રમી અને જોસેફ મૂર્સના હાથે બેન મેયસના હાથે કેચ આઉટ થયો. આઉટ થતાં સુધીમાં તેણે ધૂમ મચાવી દીધી હતી. વૈભવને આવનારા ભવિષ્યનો શ્રેષ્ઠ બેટર માનવામાં આવે છે. તેણે આઈપીએલ ૨૦૨૫માં અનેક રેકોર્ડ પણ તોડી ચૂક્યો છે.

## ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં સિરાજ છવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**એજબેસ્ટન, તા.૦૬ :** ટીમ ઈન્ડિયાએ એજબેસ્ટન ટેસ્ટ પર પોતાની પકડ મજબૂત કરી લીધી છે. ત્રીજા દિવસે, જ્યારે ઈંગ્લેન્ડના હેરી બ્રુક અને જેમી સ્મિથે શાનદાર બેટિંગ કરીને ભારતીય ચાહકોના હૃદયના ધબકારા વધારી દીધા હતા, ત્યારે મોહમ્મદ સિરાજે પોતાની બોલિંગથી તબાહી મચાવીને ટીમ ઈન્ડિયાને મજબૂત બનાવી હતી. જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં સિરાજે આ વખતે જવાબદારી સારી રીતે નિભાવી પ્રથમ ઈનિંગમાં શાનદાર બોલિંગ કરતા સિરાજે ૬ વિકેટ લઈને એજબેસ્ટનમાં ઈતિહાસ રચ્યો. ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને એજબેસ્ટન ટેસ્ટમાં આરામ આપવામાં આવ્યો છે. ત્યારબાદ આ મેચમાં બધી આશાઓ મોહમ્મદ સિરાજ પર છે. સિરાજ પણ પ્રથમ ઈનિંગમાં બધાની અપેક્ષાઓ પર ખરો ઉતર્યો. તેણે પ્રથમ ઈનિંગમાં શાનદાર બોલિંગ કરી અને ૬ વિકેટ લીધી. ૧૯૯૩ પછી આ પહેલીવાર છે જ્યારે કોઈ મેજબાન ટીમના બોલરે એજબેસ્ટન મેદાન પર ૬ વિકેટ લીધી હોય. આ ઉપરાંત, સિરાજ એજબેસ્ટનમાં ૫ વિકેટ લેનાર પાંચમો બોલર બન્યો છે. તેણે પહેલી ઈનિંગમાં જેક ક્રોલી, જો રૂટ, બેન સ્ટોક્સ, બ્રાયડન કાર્સ, જોશ ટોંગ અને શોએબ બશીરને આઉટ કર્યા હતા.

પ્રથમ ઈનિંગમાં બેટિંગ કરતી વખતે, ઈંગ્લેન્ડની ટીમ ત્રીજા દિવસે ૪૦૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઈંગ્લેન્ડે ૮૪ રનની અંદર ૫ વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ ત્યારબાદ હેરી બ્રુક અને જેમી સ્મિથે શાનદાર બેટિંગ કરી અને ભારતીય બોલરોની કસોટી કરી. આ બંને બેટર્સએ સેન્ચુરી પણ ફટકારી હતી. આ ઉપરાંત બ્રુક અને સ્મિથ વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૩૦૩ રનની ભાગીદારી થઈ હતી, જેના કારણે ઈંગ્લેન્ડની ટીમ ૪૦૦ રનનો આંકડો પાર કરવામાં સફળ રહી હતી.

પહેલી ઈનિંગમાં જેમી સ્મિથ ૧૮૪ રન બનાવીને અણનમ રહ્યો, જ્યારે હેરી બ્રુકે ૧૫૮ રન બનાવ્યા. ભારત તરફથી મોહમ્મદ સિરાજ ઉપરાંત આકાશ દીપે પણ શાનદાર બોલિંગ કરી. બોલિંગ કરતી વખતે આકાશ દીપે પહેલી ઈનિંગમાં ૪ વિકેટ લીધી. જેમાંથી બીજા દિવસે એક જ ઓવરમાં તેણે ૨ વિકેટ લીધી. ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં ટીમ ઈન્ડિયાએ ૧ વિકેટ ગુમાવ્યા બાદ ૬૪ રન બનાવી લીધા હતા. ટીમ ઈન્ડિયાને બીજી ઈનિંગમાં યશસ્વી જયસ્વાલના રૂપમાં પહેલો ઝટકો લાગ્યો, જે ૨૮ રન બનાવીને આઉટ થયો હતો. હાલમાં ભારતીય ટીમ પાસે ૨૪૪ રનની લીડ છે.

## ૬ બેટર ૦ પર આઉટ છતાં ઈંગ્લેન્ડે બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**એજબેસ્ટન, તા.૦૬ :** એજબેસ્ટન ટેસ્ટમાં ભારતના ૫૮૭ રનની સામે ઈંગ્લેન્ડની ટીમે ટેસ્ટ ક્રિકેટમાં પહેલી ઈનિંગમાં ૪૦૭ રન ફટકારીને ઈતિહાસ રચ્યો હતો. તમે વિચારી રહ્યા હશો કે ૪૦૭ રન બનાવીને કોઈ ટીમ કેવી રીતે ઈતિહાસ રચી શકે. તો ચાલો તમને જણાવી દઈએ કે, ઈંગ્લેન્ડને આટલા મોટા સ્કોર સુધી પહોંચાડવામાં માત્ર બે બેટ્સમેનોએ મહત્ત્વનો રોલ અદા કર્યો છે. જેમા હેરી બ્રુકે ૧૫૮ રન બનાવ્યા હતા અને જેમી સ્મિથે ૧૮૪ રનની અણનમ ઈનિંગ રમી હતી. આ બંને બેટર વચ્ચે ૩૦૩ રનની ભાગીદારી કરી હતી. જ્યારે બાકીના બેટર માત્ર ૧૦૫ રન જ ઉમેરી શક્યા હતા. નોંધનીય વાત એ છે કે, ઈંગ્લેન્ડની આ ઈનિંગ દરમિયાન ૬ બેટર ખાતું જ ન ખોલી શક્યા અને ૦ પર આઉટ થઈ ગયા હતા.

ઈંગ્લેન્ડની ટીમ આ રીતે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ૬ કે તેથી વધુ બેટર ૦ પર આઉટ હોવા છતાં ૪૦૦થી વધુ રન બનાવનારી વિશ્વની પ્રથમ ટીમ બની ગઈ છે. નોંધનીય છે કે, અત્યાર સુધીમાં અન્ય કોઈ ટીમ આવી સિદ્ધિ મેળવી શકી નથી. આ અગાઉ આ રેકોર્ડ બાંગ્લાદેશના નામે હતો, જ્યાં તેમણે ૬ બેટર ૦ પર આઉટ થયા છતાં ૩૬૫ રન બનાવ્યા હતા. બાંગ્લાદેશે ૨૦૨૨ માં શ્રીલંકા સામે આ સિદ્ધિ મેળવી હતી. આ મેચમાં મુશફિકુર રહીમે ૧૭૫ રનની અણનમ ઈનિંગ રમી હતી અને લિટન દાસે ૧૪૧ રન બનાવી તેને સાથ આપ્યો હતો.

નોંધનીય છે કે, આ ટેસ્ટ ક્રિકેટમાં જ નહીં પરંતુ, ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં પણ એક વર્લ્ડ રેકોર્ડ છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં, છત્તીસગઢનો કર્ણાટક સામે ૬ કે તેથી વધુ બેટર ૦ પર આઉટ થયા છતાં ૩૧૧ રન બનાવવાનો રેકોર્ડ હતો.

## ટીમ ઈન્ડિયાના આગામી બાંગ્લાદેશ પ્રવાસ સામે પ્રશ્નાર્થ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૬ :** ભારત આ વર્ષે મર્યાદિત ઓવરોની શ્રેણી માટે બાંગ્લાદેશનો પ્રવાસ કરવાનું છે, પરંતુ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય મતભેદોને કારણે આ પ્રવાસ પર સંકટના વાદળ છવાયા છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના એક સૂત્રએ જણાવ્યું હતું કે, દેખીતી રીતે BCCI બાંગ્લાદેશમાં અશાંતિ પછી સુરક્ષા પરિસ્થિતિ અંગે ચિંતિત છે. આ કારણથી ભારતીય ટીમનો બાંગ્લાદેશ પ્રવાસ મુલતવી રાખવામાં આવી શકે છે. ભારત ૧૭થી ૩૧ ઓગસ્ટ દરમિયાન ચિત્તાગોંગ અને ઢાકામાં ત્રણ T20 અને ત્રણ ODI રમવાનું હતું. જોકે, શ્રેણી રદ કરવામાં આવી નથી પરંતુ ૨૦૨૬માં પછીની તારીખે યોજાશે, કારણ કે વર્લ્ડ કપ ક્વોલિફિકેશન માટે ODI ચેમ્પિયનશિપ પોઈન્ટ સામેલ છે.

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)એ પણ સંકેત આપ્યો હતો કે સિરીઝ રદ કરવામાં આવશે નહીં પરંતુ પછીથી યોજાઈ શકે છે. જો ભારતનો બાંગ્લાદેશ પ્રવાસ મુલતવી રાખવામાં આવે છે, તો તે રોહિત શર્મા અને વિરાટ કોહલીના ફેન્સ માટે આંચકો હોઈ શકે છે. રોહિત અને કોહલી હવે ભારત માટે ફક્ત ODIમાં જ રમશે કારણ કે બંનેએ ટેસ્ટ અને T20 આંતરરાષ્ટ્રીય મેચોમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. તેમના ફેન્સ આશા રાખી રહ્યા છે કે તેઓ બાંગ્લાદેશ સામેની ODI શ્રેણીમાં રોહિત-કોહલીની જોડીને રમતા જોશે, પરંતુ જો ભારત આ પ્રવાસ પર નહીં જાય તો રોહિત-કોહલીને મેદાન પર જોવાની રાહ વધી જશે.

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનનું એલાન

# લોક જનશક્તિ પાર્ટી બિહારમાં ૨૪૩ વિધાનસભા સીટ પર ચૂંટણી લડશે

**NDAમાં સામેલ લોક જનશક્તિ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષે વિધાનસભાની ચુંટણી પહેલા આપેલું આ નિવેદન બીજેપી અને જેડીયુની મુશ્કેલી વધારી શકે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**પટણા, તા.૦૬**

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને રવિવારે કહ્યું એ તે બિહારના હિત માટે આગામી વિધાનસભાની ચુંટણી લડવા ઈચ્છે છે. તેમને કહ્યું તેના વિરોધીઓ તેમના રસ્તામાં અડચણો લાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. રવિવારે છપરાના રાજેન્દ્ર સ્ટેડિયમમાં યોજવામાં આવેલ નવ સંકલ્પ મહાસભાને સબોધિત કરતાં લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) ના અધ્યક્ષે આ મોટું એલાન કરી દીધુ. ચિરાગ પાસવાને કહ્યુ કે તેમની પાર્ટી બિહારની ૨૪૩ વિધાનસભાની સીટો પર ચુંટણી લડશે. NDA માં સામેલ લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) ના રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાનનું વિધાનસભાની ચુંટણી પહેલા આપેલું આ નિવેદન બીજેપી અને જેડીયુની મુશ્કેલી વધારી શકે છે.

ચિરાગ પાસવાને બિહારની રાજધાની પટનામાં ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની હત્યા પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું, આવી ઘટનાઓ એવી સરકારમાં બની રહી છે જે સુશાસન માટે જાણીતી છે. હું પણ તે સરકારને ટેકો આપું છું. આ ખરેખર ચિંતાનો વિષય છે. હું આ પ્રશ્નથી ભાગવાનો પ્રયાસ કરીશ નહીં, અને આપણી સરકારે પણ એવું કરવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં. જો આટલી મોટી ઘટના શહેરી વિસ્તારોમાં ખુલ્લેઆમ બને છે, જો તે આવા પોશ વિસ્તારમાં બને છે, તો તે ખૂબ જ ગંભીર બાબત છે. હું સરકાર તેમજ સ્થાનિક વહીવટીતંત્રના સંપર્કમાં છું પરંતુ આવી ઘટનાઓ આપણી ચિંતામાં વધારે છે. જો (ગોપાલ ખેમકાના) પરિવાર ડરી ગયો છે, તો તે વાજબી છે. આ એક એવો પરિવાર છે જેણે પહેલા પણ આનો સામનો કર્યો છે. શું સ્થાનિક વહીવટીતંત્રે પરિવારને સુરક્ષા પૂરી પાડી હતી?... તે વહીવટીતંત્રની જવાબદારી હતી.

ચિરાગ પાસવાને કહ્યું કે, હત્યા રાજધાની પટનામાં થાય કે બિહારના કોઈ દૂરના ગામમાં, કાયદો અને વ્યવસ્થા માટે સરકારે જવાબદાર બનવું પડશે. ચિરાગે કહ્યું કે, સરકાર જવાબદારીથી ભાગી શકે નહીં. શહેરી વિસ્તારોમાં ખુલ્લેઆમ ઘટનાઓ બને છે. પોલીસ સ્ટેશન બાજુમાં હતું, અધિકારીઓ એક જ વિસ્તારમાં રહે છે. જો આવી ઘટના આવા પોશ વિસ્તારમાં બને છે, તો તે ચિંતાનો વિષય છે. આપણે જોવું પડશે કે સુશાસનના શાસનમાં ગુનેગારોને આટલી બધી શક્તિ ક્યાંથી મળી. સરકારે ગંભીર બનવું પડશે. એલજેપી પ્રમુખે કહ્યું કે, બિહારમાં ડોમિસાઈલ નીતિ લાગુ થવી જોઈએ, હું તેના સમર્થનમાં છું. તેજસ્વી યાદવનું નામ લીધા વિના તેમણે કહ્યું, જ્યારે ૨૦૨૩માં બિહારમાં મહાગઠબંધન સરકાર સત્તામાં હતી, ત્યારે આરજેડીના નાયબ મુખ્યમંત્રી અને આરજેડીના શિક્ષણ મંત્રી હતા, જેમણે ડોમિસાઈલ નીતિનો અંત લાવ્યો હતો. તેમણે વિપક્ષી પક્ષો પર લોકસભા ચૂંટણી દરમિયાન અનામત અંગે ભ્રમ ફેલાવવાનો આરોપ લગાવ્યો. ચિરાગ પાસવાને કહ્યું, વિપક્ષે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોને ભ્રમિત કરવા માટે ઘણી ખોટી વાતો ચલાવી છે. લોકસભા ચૂંટણી દરમિયાન વિપક્ષે પણ અનામતના નામે ભ્રમ ફેલાવ્યો હતો. વિધાનસભા ચૂંટણી દરમિયાન વિપક્ષ ફરીથી ભ્રમ ફેલાવશે. જ્યાં સુધી ચિરાગ પાસવાન જીવિત છે, ત્યાં સુધી અનામત કે બંધારણને કોઈ ખતરો નથી. હું ખાતરી કરીશ કે જ્યારે હું ચોકીદારની ભૂમિકામાં હોઈશ. હું સમાજમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાત, અત્યંત પછાત, વંચિત વર્ગના લોકો માટે ચોકીદાર છું.

## હિમાચલમાં ફરી આભ ફાટ્યું : મંડી, ચંબામાં અનેક રસ્તા ધોવાયા, મૃતકાંક ૭૪ થયો



(સંપૂર્ણ સમાચાર સેવા)

**શીમલા, તા.૦૬**

હિમાચલ પ્રદેશમાં આભ ફાટ્યું છે. મંડી બાદ ચંબા વિસ્તારમાં પણ આભ ફાટતાં પૂરની તારાજી સર્જાઈ છે. ચારેકોર જળબંબાકારની સ્થિતિ સર્જાતાં જનજીવન ખોરવાઈ ગયુ છે. ૨૬૧થી વધુ રસ્તાઓ ધોવાયા છે. આગામી ત્રણ દિવસ પણ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. મૃત્યુઆંક વધીને ૭૪ થયો છે. ૭૦થી વધુ લોકો હજી ગુમ છે. એનડીઆરએફ, એસડીઆરએફ સહિતની બચાવ ટુકડી સતત બચાવ કામગીરી હાથ ધરી છે.

ચંબા જિલ્લામાં ભયાવહ રીતે આકાશમાંથી આફત વરસી રહી છે. નાકોર્ડ-ચંજુ રસ્તા નજીક આવેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ભારે નુકસાન થયુ છે. લોખંડનો બ્રિજ તણાઈ ગયો છે. રસ્તાઓ ધોવાઈ જતાં પરિવહન ખોરવાયું છે. અનેક સ્થળોએ ભુસ્ખલનની ઘટના બની રહી છે. જો કે, કોઈ જાનહાનિના અહેવાલ મળ્યા નથી.

મંડી જિલ્લામાં પણ શનિવાર સુધીમાં આભ ફાટવાના ૧૦ કિસ્સા બન્યા છે. જેમાં ૧૪થી વધુ લોકોના મોત નીપજ્યા છે. ૩૧થી વધુ ગુમ છે. અનેક પ્રાણી-જાનવરો પણ તણાયા હોવાના અહેવાલ છે. મંડીમાં પૂરની સ્થિતિ વચ્ચે બચાવ કામગીરી ચાલી રહી છે. ૧૩૧૭ ફૂડ કીટનુ વિતરણ કરવામાં આવ્યું હોવાનું ભાજપ પ્રદેશ પ્રમુખ રાજીવ બિંદલે જણાવ્યું હતું. હિમાચલમાં અતિ ભારે વરસાદના કારણે ૫૪૧ કરોડથી વધુનું નુકસાન થયુ હોવાનો અંદાજ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે આપ્યો છે. જો કે, મુખ્યમંત્રી સુખુએ જણાવ્યું હતું કે, રાજયમાં વરસાદના કારણે નુકસાનનો આંકડો ૭૦૦ કરોડ નજીક પહોંચ્યો છે. ૨૫૮ પાવર ટ્રાન્સફોર્મર અને ૨૮૯ જળ પુરવઠો યોજનાઓ અસરગ્રસ્ત થઈ છે. ૨૦ જૂનથી વરસી રહેલા અતિ ભારે વરસાદના કારણે કુલ ૭૪ લોકોના મોત થયા છે. ૧૧૫થી વધુ ઘાયલ છે. જ્યારે ૭૦ લોકો ગુમ છે.

હવામાન વિભાગે હિમાચલ પ્રદેશમાં છેલ્લા ૧૫ દિવસથી આકાશમાંથી વરસી રહેલી આફત મુદ્દે વધુ એક એલર્ટ જાહેર કર્યું છે. આગામી બુધવાર સુધી ચંબા, કુલ્લુ, કાંગડા, બિલાસપુર, હમીરપુર, સોલન, શિમલા, સિરમોર અને મંડીમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. આ નવ જિલ્લામાં વહીવટી તંત્રને સતર્ક રહેવા તેમજ નીચાણવાળા વિસ્તારોમાં ન જવા અપીલ કરી છે.

બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેશે

## પીએમ મોદી બ્રાઝિલ પહોંચ્યા, રિયો ડી જેનેરિયોમાં થયું સ્વાગત



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૬**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૭માં બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે બ્રાઝિલના રિયો ડી જેનેરિયો પહોંચ્યા છે, જ્યાં તેમનું ગેલિયોના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જોરદાર સ્વાગત થયું.

વડાપ્રધાનની આ બ્રાઝિલની યાત્રા બે તબક્કામાં રહેશે, જે માટે બ્રાઝિલના પ્રમુખ લુઈઝ ઈનાસિયો લૂલા દા સિલ્વાએ નિમંત્રણ આપ્યું હતું. આ યાત્રા દરમિયાન વડાપ્રધાન રિયો બ્રિક્સ સમિટમાં હાજરી આપ્યા બાદ રાજધાની બ્રાસિલિયાની રાજ્યની મુલાકાત લેશે. રિયો ડિ જેનેરો પહોંચ્યા બાદ વડાપ્રધાને ખુશી વ્યક્ત કરતા એક્સ પર પોસ્ટ કરીને લખ્યું કે, બ્રાઝિલના રિયો ડી જેનેરો પહોંચી ગયો છું. જ્યાં હું બ્રિક્સ શિખર સંમલેનમાં ભાગ લઈશ અને પછી પ્રમુખ લૂલાના નિમંત્રણ પર રાજકીય યાત્રા માટે તેમની રાજધાની બ્રાસિલિયા જઈશ. આ પ્રવાસ દરમિયાન બેઠકો અને વાટાઘાટોના એક સાર્થક સમયની આશા છે.

બ્રાસિલિયામાં વડાપ્રધાન મોદી પ્રમુખ લૂલા સાથે દ્વિપક્ષી વાટાઘાટો કરશે. જેનો હેતુ ભારત અને બ્રાઝિલ વચ્ચે વ્યૂહનૈતિક ભાગીદારીને મજબૂત કરવાનો છે. આ ભાગીદારી વેપાર, સંરક્ષણ, ઉર્જા, અંતરિક્ષ, ઉદ્યોગ, કૃષિ, સ્વાસ્થ્ય અને જન-જન વચ્ચેના સંબંધો જેવા પ્રમુખ વિસ્તારો પર કેન્દ્રીત હશે. બંને દેશો વચ્ચે સહભાગિતાને જોતા આ મુલાકાત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

વળી, રિયો ડી જેનેરોમાં આયોજિત ૧૭માં બ્રિક્સ શિખર સંમેલનમાં વડાપ્રધાન મોદી વિવિધ વૈશ્વિક નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. બ્રિક્સ સમૂહ, જેમાં મૂળ રૂપે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા સામેલ હતા. ધીમે-ધીમે સમૂહનો વિસ્તાર થયો અને સાઉદી અરેબિયા, મિસ્ત્ર, સંયુક્ત અરબ અમિરાત, ઈથિયોપિયા, ઈન્ડોનેશિયા અને ઈરાન સામેલ થશે, જેનાથી આ દુનિયાભરમાં ઉભરતી અર્થવ્યવસ્થાઓની સૌથી શક્તિશાળી ગઠબંધનોમાંથી એક બની ગયું છે.

## અદાણી પાવરની વિસ્તરણ યોજનાઓને કેન્દ્રની પર્યાવરણ પેનલની મંજૂરી

**EACની બેઠકમાં નિષ્ણાતોની ટીમ દ્વારા લીલી ઝંડી**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૦૬**

ભારતની સૌથી મોટી ખાનગી થર્મલ સ્વતંત્ર પાવર ઉત્પાદક અદાણી પાવર લિમિટેડ (APL) માટે વધુ એક સારા સમાચાર છે. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEFCC) ની નિષ્ણાત પેનલે અદાણી પાવર લિમિટેડને હાલના થર્મલ પાવર પ્લાન્ટ્સના વિસ્તરણ માટે મંજૂરી આપી છે. આ મંજૂરી એવા સમયે મળી છે જ્યારે ભારત દેશની વધતી જતી ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે આગામી છ વર્ષમાં ૯૦ ગીગા વોટ (GW) વીજ ઉત્પાદન ક્ષમતા ઉમેરવા માટે હરણફાળ ભરી રહ્યું છે.

ભારતની ટોચની વીજળી માંગ ૨૦૩૨ સુધીમાં ૪૫૮ GW સુધી પહોંચવાનો અંદાજ છે. જેને પહોંચી વળવા માટે દેશ તેની કુલ વીજ ઉત્પાદન ક્ષમતાને વર્તમાન ૪૭૬ GW થી વધારીને ૯૦૦ GW કરવાની યોજના ધરાવે છે. સરકાર હવે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ૧૨.૮૬ GW થર્મલ ક્ષમતા ઉમેરવાની અપેક્ષા રાખે છે.

પર્યાવરણ મંત્રાલયની થર્મલ પ્લાન્ટ્સ પરની નિષ્ણાત મૂલ્યાંકન સમિતિ (EAC) એ કોરબાના ૬૦૦ મેગા વોટના લેન્કો અમર કંટક પાવર પ્લાન્ટના વિસ્તરણ સાથે આગળ વધવાની ભલામણ કરી હતી. ગત વર્ષે સપ્ટેમ્બરમાં આ પ્લાન્ટ અદાણી ગ્રુપ દ્વારા હસ્તગત કરવામાં આવ્યો હતો. અદાણી પાવર લિમિટેડ આ પ્લાન્ટને વધારાની ૧,૩૨૦ MW (660 MW x 2) ક્ષમતા સાથે વિસ્તૃત કરી રહી છે. કંપની નાણાકીય વર્ષ ૨૦૩૨ સુધીમાં ૧૩.૧૨ GW થર્મલ ક્ષમતા ઉમેરીને ૩૦.૬૭ GW સુધી પહોંચવાની યોજના ધરાવે છે, જે હાલમાં 17.5 GW છે.

EACની બેઠકમાં વિસ્તરણ માટે પ્રસ્તાવિત છ થર્મલ પાવર પ્લાન્ટની સમીક્ષામાં અન્ય ત્રણ કંપનીઓના પ્રોજેક્ટ, નિષ્ણાત પેનલ તરફથી પર્યાવરણીય મંજૂરી મેળવવામાં નિષ્ફળ ગયા હતા.

પર્યાવરણીય મંજૂરીઓ ઝડપી બનાવવાથી વિલંબમાં પડેલ પાવર પ્લાન્ટના સમયસર કાર્યરત થવામાં મદદ મળશે. નાણાકીય વર્ષ ૨૫માં ભારત તેના થર્મલ પાવર ઉમેરણ લક્ષ્યને મોટા માર્જિનથી ચૂકી ગયું હતું.

અમદાવાદ સ્થિત અદાણી પાવર લિમિટેડ (APL) ક્ષમતા વિસ્તરણના પ્રયાસોને સતત વેગ આપી રહી છે. ભારતની વધતી જતી વીજ માંગને જોતા ૨૦૩૦ સુધીમાં સરકારે ૪૦૦ ગીગા વોટ પાવર જનરેશન કરવાનું લક્ષ્ય રાખ્યું છે. જેમાંથી ૩૦૦ ગીગા વોટ થર્મલ પાવર પ્લાન્ટમાંથી પેદા થશે. આગામી ૫-૬ વર્ષોમાં તે ૮૦-૯૦ GW થર્મલ ક્ષમતા ઉમેરવાની જરૂર પડશે.

ભારત અંગે ટ્રમ્પ લેશે અંતિમ નિર્ણય

# પહેલી ઓગસ્ટથી એક ઝાટકે ૧૦૦ દેશો પર ટેરિફ લગાવશે અમેરિકા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૦૬**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વિવિધ દેશો પર લાદવામાં આવેલા રેસિપ્રોકલ ટેરિફમાં આપવામાં આવેલી ૯૦ દિવસની રાહત ૯ જુલાઈના રોજ પૂર્ણ થવા જઈ રહી છે. આ ડેડલાઈન પૂર્ણ થાય તે પહેલાં જ અમેરિકાએ ચોંકાવનારી જાહેરાત કરી છે. આગામી ૧ ઓગસ્ટથી વિશ્વના આશરે ૧૦૦દેશોમાંથી આયાત પર ટ્રમ્પ ટેરિફ લાદવાની જાહેરાત કરી છે, જે ૧૦ ટકા રહેશે. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કૉટ બેસેન્ટે આ અંગે માહિતી આપી હતી.

સ્કૉટ બેસેન્ટે ગ્લોબલ ટ્રેડ સ્ટ્રેટેજીનો હવાલો આપતાં જણાવ્યું હતું કે, બેઝલાઈન ટેરિફ વ્યાપક રૂપે લાગુ થશે. આ ટેરિફ એવા દેશો પર પણ લાગુ થશે, જેની સાથે વોશિંગ્ટન હાલ વાટાઘાટ કરી રહ્યું છે. અમે જોઈશું કે, પ્રમુખ ટ્રમ્પ ટ્રેડ ડીલ કરનારા દેશો સાથે કેવો વ્યવહાર રાખે છે. મારા મત મુજબ અમે ૧૦૦ દેશો પર લઘુત્તમ ૧૦ ટકાનો ટ્રમ્પ ટેરિફ લાદીશું. બેસેન્ટની આ સ્પષ્ટતાથી ભારતની ચિંતા વધી છે. જો કે, અંતિમ નિર્ણય ટ્રમ્પ લેશે.

ડોનાલ્ડ ટ્રમ્પે ૧૨ દેશો પર ટેરિફ બોમ્બ ફોડવાની તૈયારી કરી છે. જેની જાહેરાત સોમવારે થવાની સંભાવના છે. રિપોર્ટ્સ અનુસાર, ટ્રમ્પે જણાવ્યું હતું કે, આશરે એક ડઝન દેશો માટે વેપાર પત્ર પર હસ્તાક્ષર કર્યા છે. યાદીમાં સામેલ ઘણા દેશોને આ પત્ર 'ટેક ઈટ ઓર લીવ ઈટ' (સ્વીકાર કરો અથવા છોડી દો)ના અલ્ટીમેટમ સાથે આગામી સપ્તાહના પ્રથમ દિવસે મોકલવામાં આવશે. આ યાદીમાં સામેલ દેશોની હાલ જાહેરાત થઈ નથી.

ન્યૂજર્સી જતી વખતે એરફોર્સ વનમાં પત્રકારો સાથે વાતચીત કરતાં ટ્રમ્પે ૧૨ દેશો પર ટેરિફ બોમ્બ ફોડવાનો સંકેત આપ્યો હતો. આ યાદીમાં કથિત રૂપે ભારત, જાપાન અને યુરોપિયન યુનિયનના દેશો સામેલ હોઈ શકે છે. ઉલ્લેખનીય છે, ૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ટ્રમ્પે વિવિધ દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાદ્યો હતો. તેમજ ૧૦ ટકા બેઝ ટેરિફ પણ લાદ્યો હતો. જેમાં રેસિપ્રોકલ ટેરિફમાં ૯૦ દિવસની રાહત આપી હતી. જે હવે પૂર્ણ થવાના આરે છે. જ્યારે ૧૦ ટકાનો બેઝ ટેરિફ તો લાગુ જ છે. એવામાં આ વધારાનો ૧૦ ટકા ટ્રમ્પ ટેરિફ ઘણા દેશોના નિકાસ વેપાર પર બોજો વધારશે.

ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ સકારાત્મક ધોરણે આગળ વધી રહી હોવાના બંને દેશોએ સંકેત આપ્યા છે. પરંતુ હજી સુધી કોઈ ઠોસ નિર્ણય જાહેર થયો નથી. કોઈ વચગાળાનો કરાર ન થતાં ૯ જુલાઈ બાદ ભારતની અમેરિકા નિકાસ પર અસર થઈ શકે છે. બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલ અમેરિકા દ્વારા કૃષિ અને ડેરી ક્ષેત્રે મુદ્દે બજાર ખુલ્લુ મુકવાની માગ વચ્ચે અટવાઈ હોવાના અહેવાલો છે. આ સિવાય ભારતે ટેક્સટાઈલ, લેધર અને જેમ્સ-જ્વેલરી મુદ્દે માર્ગ મોકળો કરવાની માગ કરી છે.

# એલન મસ્કે નવી રાજકીય પાર્ટી બનાવવા જાહેરાત કરી

## અમેરિકન રાજકારણમાં ખળભળાટ : આ પાર્ટી લોકોને એક પાર્ટી સિસ્ટમમાંથી મુક્ત કરશે : એલન મસ્ક



(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૦૬**

અમેરિકાના ૨૪૯મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બહુચર્ચિત વન બિગ બ્યુટીફુલ કાયદો લાગુ કર્યો છે. આ દરમિયાન, તેમના ભૂતપૂર્વ સાથી અને ઉદ્યોગપતિ એલન મસ્કે અમેરિકા પાર્ટી નામનો એક નવો રાજકીય પક્ષ બનાવવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, આ પક્ષ અમેરિકાના લોકોને એક પાર્ટી સિસ્ટમમાંથી મુક્ત કરશે. મસ્કની આ જાહેરાત બાદ, અમેરિકન રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે.

મસ્કે X પર એક નવો રાજકીય પક્ષ બનાવવાની જાહેરાત કરી છે. તેમની X પોસ્ટમાં, તાજેતરના સર્વેના પરિણામો ટાંકીને, તેમણે લખ્યું કે, આજે અમેરિકા પાર્ટી તમને તમારી સ્વતંત્રતા પાછી આપવા માટે બનાવવામાં આવી છે. તેમણે દાવો કર્યો કે સર્વેમાં, જનતાએ ૨:૧ ના ગુણોત્તરમાં એક નવા રાજકીય વિકલ્પની ઈચ્છા વ્યક્ત કરી છે. તમે એક નવો રાજકીય પક્ષ ઈચ્છો છો અને હવે આ રાજકીય પાર્ટી તમારી સામે છે. પોતાની જાહેરાતમાં, મસ્કે વર્તમાન રાજકીય વ્યવસ્થાની ટીકા કરી અને કહ્યું કે, જ્યારે આપણા દેશને કચરો અને ભ્રષ્ટાચારથી નાદાર કરવાની વાત આવે છે, ત્યારે આપણે લોકશાહીમાં નહીં, પણ એક-પક્ષીય વ્યવસ્થામાં જીવી રહ્યા છીએ. તેમણે એમ પણ કહ્યું કે, અમેરિકા પાર્ટીની રચના તમારી ખોવાયેલી સ્વતંત્રતા પાછી લાવવા માટે કરવામાં આવી છે.

મસ્કે ૪ જુલાઈના રોજ અમેરિકન સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન તેમના પ્લેટફોર્મ X પર એક પોલ પોસ્ટ કર્યું, જેમાં તેમણે તેમના ફોલોઅર્સને પૂછ્યું સ્વતંત્રતા દિવસ એ પૂછવાનો શ્રેષ્ઠ સમય છે કે શું તમે બે-પક્ષીય (કેટલાક તેને એક-પક્ષીય) વ્યવસ્થાથી મુક્તિ ઈચ્છો છો! શું આપણે અમેરિકા પાર્ટી બનાવવી જોઈએ?

આ મતદાનમાં, ૬૫.૪% લોકોએ હા મત આપ્યો, જ્યારે ૩૪.૬% લોકોએ ના કહ્યું. મસ્કે આ મજબૂત જાહેર સમર્થનને પાર્ટી શરૂ કરવા માટે પ્રેરણા તરીકે વર્ણવ્યું અને તેને બંને મુખ્ય પક્ષો - રિપબ્લિકન અને ડેમોક્રેટિક પ્રત્યે લોકોમાં વધી રહેલા અસંતોષના પ્રતિભાવ તરીકે રજૂ કર્યું. અગાઉ, મસ્કે X પરની એક પોસ્ટ પર સકારાત્મક પ્રતિસાદ મળ્યા બાદ યુએસમાં ત્રીજો રાજકીય પક્ષ શરૂ કરવાની શક્યતાનો સંકેત આપ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે - એલન ત્રીજો પક્ષ શરૂ કરે છે તે ટેસ્લા અને સ્પેસએક્સ જેવું છે. સફળતાની શક્યતા ઓછી છે, પરંતુ જો પાર્ટી સફળ થાય છે, તો રમત સંપૂર્ણપણે બદલાઈ જશે. મસ્કે એવા સમયે એક નવી રાજકીય પક્ષની રચનાની જાહેરાત કરી છે જ્યારે તેમણે તાજેતરમાં ટ્રમ્પ વહીવટથી પોતાને દૂર કર્યા છે અને DOGE પણ છોડી દીધું છે, જે તેમના રાજકીય અને જાહેર જીવનમાં નોંધપાત્ર પરિવર્તન જોઈ રહ્યું છે.

# અમેરિકાના ટેક્સાસમાં ભારે વરસાદના લીધે પૂરની સ્થિતિ

## ભારે વરસાદને કારણે ગુઆડાલુપ નદીમાં અચનાક પૂર આવ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ટેક્સાસ, તા.૦૬**

અમેરિકાના ટેક્સાસમાં કુદરતનો કહેર જોવા મળ્યો છે. શુક્રવારે અચનાક આવેલા પૂરના પગલે હિલ કન્ટ્રીમાં ભારે તબાહી મચાવી દીધી હતી. ભારે વરસાદને કારણે ગુઆડાલુપ નદીમાં અચનાક પૂર આવ્યું છે. જેમાં ૪૯ લોકોના મોત નિપજ્યાં છે. તેમજ ઘણા લોકો ગુમ થયા છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં ગુમ થયેલા લોકોની ઓળખ માટે બચાવ ટીમો ઝડપથી કામ કરી રહી છે.

વાસ્તવિકતામાં, ગુઆડાલુપે નદીની આસપાસના વિસ્તારમાં એક મહિના જેટલો વરસાદ માત્ર થોડા કલાકોમાં પડ્યો, જેના કારણે નદીનું પાણીનું સ્તર ૨૯ ફૂટ વધી ગયું અને આ ભયાનક પરિસ્થિતિ ઊભી થઈ. આ ભયાનક પૂરને કારણે ૧૫ બાળકો સહિત ૪૯ લોકોએ જીવ ગુમાવ્યા. ઘણા લોકો હજુ પણ ગુમ છે. ગુમ થયેલા લોકોમાં કેમ્પ મિસ્ટિક સમર કેમ્પમાં જતી ૨૭ છોકરીઓનો પણ સમાવેશ થાય છે. મળતી માહિતી મુજબ, મૃતકોમાંથી ૮ લોકોની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. આમાં ત્રણ બાળકોનો પણ સમાવેશ થાય છે. યુએસ સરકારનું કહેવું છે કે ગુમ થયેલા લોકોને શોધવા માટે બચાવ ટીમો પોતાનું કામ કરી રહી છે. અત્યાર સુધીમાં ૮૫૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

યુએસ હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરી ક્રિસ્ટી નોએમે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય હવામાન સેવાએ થોડા દિવસો પહેલા મધ્યમ પૂરની ચેતવણી આપી હતી. તેમણે આટલા ભારે વરસાદની આગાહી કરી ન હતી. નોઈમે કહ્યું કે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર સિસ્ટમને અપગ્રેડ કરવા માટે કામ કરી રહ્યું છે.

ટેક્સાસના ગવર્નર ગ્રેગ એબોટે શનિવારે જણાવ્યું હતું કે તેમણે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને આપત્તિ ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કરવા કહ્યું છે. રાજ્યપાલે કહ્યું કે તેમણે પોતે પણ અસરગ્રસ્ત વિસ્તાર માટે આવું જ કંઈક કર્યું છે. તેમણે કહ્યું કે વ્હાઈટ હાઉસ દ્વારા આપત્તિની ઘોષણાથી અસરગ્રસ્ત લોકો માટે ફેડરલ સહાયનો માર્ગ ખુલશે અને લોકોને મોટી રાહત મળશે.

# ગૂગલને અમેરિકાની કેલિફોર્નિયા કોર્ટ દ્વારા મોટો દંડ ફટકારાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કેલિફોર્નિયા, તા.૦૬**

ગૂગલને અમેરિકાની કેલિફોર્નિયા કોર્ટ દ્વારા ખૂબ જ મોટો દંડ ફટકારવામાં આવ્યો છે. ગૂગલ દ્વારા એન્ડ્રોઈડ યુઝર્સના ડેટા કલેક્ટ કરવામાં આવી રહ્યા હોવાથી તેમના પર કેસ કરવામાં આવ્યો હતો. ઘણી ટેક કંપનીઓ પર ડેટા કલેક્ટ કરવાનો આરોપ મૂકવામાં આવે છે. તેમને ઘણીવાર દંડ પણ ફટકારવામાં આવે છે. આ કંપનીઓમાં ગૂગલ, ઍપલ અને મેટાનો મુખ્ય રૂપે સમાવેશ થાય છે. ગૂગલ પર ૨૦૧૯માં ક્લાસ-ઍક્શન કેસ ફાઈલ કરવામાં આવ્યો હતો. યુઝર્સ મોબાઈલનો ઉપયોગ ન કરી રહ્યા હોય તો પણ ગૂગલ દ્વારા તેમના ડેટા કલેક્ટ કરવામાં આવતા હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. યુઝરના ડેટાને કલેક્ટ કરી તેમને ઍડ્સ મોકલવામાં આવે છે. આ કેસમાં એ પણ કહેવામાં આવ્યું હતું કે ગૂગલ દ્વારા યુઝરના સેલ્યુલર ડેટાનો પણ ઉપયોગ કરવામાં આવતો હતો. આ માટે યુઝર પાસેથી કોઈ પરવાનગી પણ લેવામાં નહોતી આવી. કેલિફોર્નિયાના કાયદા અનુસાર યુઝરના સેલ્યુલર ડેટા પર તેનો હક હોય છે. ગૂગલ યુઝરની પરવાનગી વગર ડેટા કલેક્ટ કરે છે અને સેલ્યુલર ડેટાનો ઉપયોગ કરે છે. આ તેઓ ૨૦૧૬થી કરતા આવ્યા છે. આથી પ્રાઈવસીનો ભંગ કરવામાં આવ્યો હોવાથી દંડ કરવામાં આવ્યો છે. કોર્ટ દ્વારા ગૂગલની આ પ્રેક્ટિસને ગેરકાયદેસર ગણવામાં આવી છે.


ગૂગલે આ વિશે કહ્યું કે, તેઓ આ નિર્ણય સામે ફરી અપીલ કરશે. ગૂગલના પ્રવક્તા હોઝે કેસ્ટાનેડાએ કહ્યું કે, 'એન્ડ્રોઈડની જે સૌથી મહત્વની સર્વિસ છે જે સિક્યોરિટી અને પર્ફોર્મન્સને ધ્યાનમાં રાખે છે એને સમજવામાં નથી આવી. ગૂગલે કોર્ટમાં કહ્યું હતું કે આ ડેટા ટ્રાન્સફરથી યુઝર્સને કોઈ નુકસાન નથી થઈ રહ્યું. તેમ જ કંપનીની ટર્મ્સ ઓફ સર્વિસ અને પ્રાઈવસી પોલિસીનો સ્વીકાર કરતાં યુઝરે કંપનીને એ સત્તા આપી છે.' ગૂગલ સામે બે કેસ કરવામાં આવ્યા હતા.





દમદાર લુક સાથે જોવા મળ્યો 'ભાઈજાન'

# સલમાન ખાનની નવી ફિલ્મ 'ગલવાન'નું પોસ્ટર રિલીઝ





(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૬**

સલમાન ખાનના ચાહકો માટે એક મોટી ખુશખબર સામે આવી છે. 'સિકંદર' પછી, બોલિવૂડના ભાઈજાને તેની આગામી ફિલ્મ અંગે ઓફિશિયલ જાહેરાત કરી છે. તેની ફિલ્મ 'બેટલ ઓફ ગલવાન' નું અધિકૃત મોશન પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે. જેમાં સલમાનનો લુક જાહેર કરવામાં આવ્યો છે. આ ફિલ્મને અપૂર્વ લાખિયા નિર્દેશન કરવાના છે.

આ વર્ષે સલમાન ફિલ્મ 'સિકંદર' લઈને આવ્યો હતો, જે બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી. આ ફિલ્મ તેની કારકિર્દીની સૌથી મોટી ફ્લોપ પણ હતી. આ ફિલ્મ સાથે સલમાનને પણ ઘણી ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો. એ પછી એવા પણ સમાચાર આવ્યા હતા કે, તેના કારકિર્દીને લગતા કેટલાક કઠિન નિર્ણયો લીધા હતા. એવું સાંભળવામાં આવ્યું હતું કે, સુપરસ્ટાર હવે અપૂર્વ લાખિયા સાથે ગલવાન વેલી પર ફિલ્મ બનાવશે. છેલ્લા કેટલાક સમયથી આની સાથે જોડાયેલી અપડેટ્સ સામે આવી રહી છે. ફિલ્મની જાહેરાત ટીઝરમાં તેનો આખો ચહેરો લોહીથી લથપથ જોવા મળી રહ્યો છે. સલમાનના હાથમાં એક હથિયાર પણ છે જેનાથી તે દુશ્મનોનો નાશ કરી રહ્યો છે. તેની આંખોમાં એક પ્રકારની આગ જોવા મળી રહી હતી, જેના કારણે તેનો લુક વધુ સારો દેખાય છે.

ફિલ્મમાં સલમાન કર્નલ બી. સંતોષ બાબુની ભૂમિકા ભજવશે. તેની સાથે અભિનેત્રી ચિત્રાંગદા સિંહ પણ સામેલ છે. સલમાને હમણાં જ ફિલ્મનું પોસ્ટર શેર કર્યું છે, જેનાથી ચાહકોમાં ઉત્સાહ ફેલાયો છે. આ પહેલી વાર છે જ્યારે તે અને અપૂર્વ લાખિયા કોઈ ફિલ્મમાં સાથે કામ કરશે. સલમાનની ફિલ્મ ગલવાન ખીણમાં થયેલા યુદ્ધની સ્ટોરી છે જેમાં ભારતે ગોળીઓનો ઉપયોગ કર્યા વિના ઘણા ચીની સૈનિકોને મારી નાખ્યા હતા. ગલવાન ખીણનું યુદ્ધ ૧૫ જૂન ૨૦૨૦ના રોજ લદ્દાખની ગલવાન નદી ખીણમાં ભારતીય અને ચીની સેનાઓ વચ્ચે લડાયું હતું.

સિને એમ્પલોય્ઝ ફેડરેશને

## દિલજિત પરનો પ્રતિબંધ હટાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૬**

જ્યારથી દિલજિત 'સરદારજી ૩'માં પાકિસ્તાની એક્ટ્રેસ હાનિયા આમિર સાથે કામ કરી રહ્યો હોવાના અહેવાલો આવ્યા હતાં, ત્યારથી દિલજિતનો ઘણો વિરોધ થઈ રહ્યો હતો. ભારતે પહેલગામ હુમલા બાદ પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ મુક્યો હોવાથી ભારતમાં તેની ફિલ્મ રિલીઝ પણ થઈ શકી નહોતી. છતાં તેણે વિદેશમાં આ ફિલ્મ રિલીઝ કરતાં દિલજિતને 'બોર્ડર ૨'માંથી હટાવી દેવાયો હોવાના અહેવાલો હતા. આ વિવાદો વચ્ચે બે દિવસ પહેલાં દિલજિતે 'બોર્ડર ૨' માટેના એક ગીતના શૂટિંગ દરમિયાનનો વીડિયો પોતાના સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. જેમાં બેકગ્રાઉન્ડમાં 'બોર્ડર'નું યાદગાર ગીત 'સંદેસે આતે હૈં' પણ વાગતું હતું. દિલજિત એરફોર્સના યુનિફોર્મમાં દેખાતો હતો. આમ આ વીડિયો દ્વારા તેણે તે હજુ પણ ફિલ્મમાં હોવાની વાત જાહેર કરી હતી. હવે એવા અહેવાલો છે કે દિલજિત પર ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પલોય્ઝ દ્વારા મુકવામાં આવેલો પ્રતિબંધ હટાવી લેવાયો છે. અગાઉ તેમણે દિલજિત સામે અસહકારની જાહેરાત કરી હતી.

ફ્વાઈસના પ્રેસિડેન્ટ બી એન તિવારીએ કહ્યું કે, પ્રોડ્યુસર ભુષણ કુમારે વ્યક્તિગત રીતે ફેડરેશનને વિનંતિ કરી હતી કે તેઓ દિલજિતને આ ફિલ્મ માટે શૂટ કરવાની મંજુરી આપે. તેમણે કહ્યું, "હા, અમે આ ફિલ્મ માટે પ્રતિબંધ પાછો ખેંચી લીધો છે." જોકે, આ નિર્ણય ફેડરેશનના સભ્યોની સંમતિથી જ લેવાયો છે. આ અંગે ફ્વાઈસ સાથે જોડાયેલા ફિલ્મ મેકર અશોક પંડિતે જણાવ્યું, "અમારો દિલજિત સામેનો અસહકાર યથાવત છે. ભવિષ્યમાં તેની સાથે કામ કરવા માગતા બધાં જ આ બાબતે તૈયાર રહે. પછી જો તેમને આર્થિક નુકસાની ભોગવવી પડશે તો તેના માટે ફ્ડરેશન જવાબદાર રહેશે નહીં." આનંદ પંડિતે સ્વીકાર્યું કે, 'બોર્ડર ૨'માં કોઈ પાકિસ્તાની કલાકાર નથી. સાથે તેમની એવી પણ દલીલ હતી કે આ ફિલ્મ દેશભક્તિ પ્રકારની ફિલ્મ છે, જેના કેન્દ્રમાં ભારતની સેનાઓ છે, તેથી દિલજિત માટે પાકિસ્તાની કલાકાર સાથેની ફિલ્મનો મુદ્દો વધુ સંવેદનશીલ બની જાય છે. ફ્વાઈસ દ્વારા અગાઉ દિલજિત પર પ્રતિબંધ મુકીને ફિલ્મ મેકર્સને દિલજિત સાથે સંબંધો કાપી નાખવા અપીલ કરાઈ હતી. તેમણે પોતાના નિવેદનમાં કહ્યું હતું, "જો તમે તેની સાથે સંકળાશો તો એ દર્શાવશે કે તમે દેશહિતનો ઊંડો વિરોધ ધરાવો છો. કલાતામક અને વ્યાપારી બાબતો દેશભક્તિની ભાવનાથી વિશેષ નથી. આપણી ઈન્ડસ્ટ્રી અને દેશ માટેનું માન સર્વોચ્ચ હોવું જોઈએ."

# આમિર ખાનનો 'કૂલી'માંથી દાહા લૂક થયો વાયરલ



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૬**

રજનીકાંતની ફિલ્મ 'કૂલી' ઘણા સમયથી ચર્ચામાં છે. આ એક મોટા બજેટની ફિલ્મ છે અને રજનીફેન્સ તેમની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. લોકેશ કનગરાજની આ ફિલ્મમાં કેટલાંક સુપર સ્ટારના કેમિયો છે, તેમાં આમિર ખાનનો કેમિયો પણ ચર્ચામાં છે, આ પ્રકારની એક્શન ફિલ્મમાં આમિર ખાન કેવો રોલ કરશે, તે અંગે દરેકને ઉત્સુકતા હતી. ત્યારે હવે ફિલ્મમાંથી આમિરનો પહેલો લૂક જાહેર કરવામાં આવ્યો છે. ગુરુવારે જેવો આ લૂક શેર થયો કે સોશિયલ મીડિયા પર છવાઈ ગયો હતો. સન પિક્ચર્સની ટીમે ટ્વીટર પર આમિરનો ફર્સ્ટ લૂક જાહેર કર્યો છે, જેમાં તેનો દાહા તરીકે પરીચય આપવામાં આવ્યો છે, જે એ એક ગુંડા જેવો દેખાતો માણસ છે. આ બ્લૅક એન્ડ વ્હાઈટ ફોટોમાં આમિર એક ડાર્ક કલરની બંડીમાં દેખાય છે. જે આરામથી અને અદાથી પાઈપ પીતો દેખાય છે. ભલે આ રોલ એક ખાસ કેમિયો હોય, પરંતુ તેનો લૂક જોઈને લાગે છે કે આ ફિલ્મમાં તેનો રોલ અસરકારક તો હશે જ, કદાચ આ જ પાત્ર ફિલ્મમાં એક મહત્વનો ટ્વિસ્ટ કે ગેમ ચેન્જિંગ વળાંક લાવી શકે છે. આમિરના આ લૂક પર ફેન્સ ઘણા ઉત્સાહમાં આવી ગયા છે,

**આ ફિલ્મમાં આમિર ખાન, રજનીકાંત ઉપરાંત નાગાર્જૂન, ઉપેન્દ્ર, શ્રુતિ હસન જેવા કલાકારો મહત્વના રોલમાં છે**

સોશિયલ મીડિયામાં કેટલાંક લોકોએ લોકેશ કનગરાજની ફેમને પરફેક્ટ ગણાવી હતી, તો કોઈએ પરફેક્ટ આમિર અને પરફેક્ટ કનગરાજને એક પરફેક્ટ કોમ્બિનેશન ગણાવ્યા હતા.

આ ફિલ્મમાં આમિર ખાન, રજનીકાંત ઉપરાંત નાગાર્જૂન, ઉપેન્દ્ર, શ્રુતિ હસન જેવા કલાકારો મહત્વના રોલમાં છે, આ ફિલ્મ ૩૭૫ કરોડના ખર્ચે બની રહેલી એક ભારતની ૨૦૨૫ની સૌથી મોંઘી ફિલ્મ છે. આ ફિલ્મ ૧૪ ઓગસ્ટે તમિલ, તેલુગુ અને હિન્દીમાં એકસાથે રિલીઝ થશે. જે બોક્સ ઓફિસ પર યશરાજની 'વૉર ૨' સાથે ટક્કર લેશે, જેમાં રિતિક રોશન, જુનિયર એનટીઆર અને કિઆરા અડવાણી છે.

# એકતાની 'ક્યું કી સાસ ભી કભી બહુ થી'ની બીજી સીઝન પોસ્ટપોન થઈ

## પોસ્ટપોન અંગે લીડ એક્ટર અમર ઉપાધ્યાયે જણાવ્યું કે સેટને પરફેક્ટ બનાવવામાં વાર લાગી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૬**

એકતા કપૂરની લોકપ્રિય સિરીયલ 'ક્યુંકી સાસ ભી કબી બહુ થી'ની બીજી સીઝન આવી રહી છે, તે અંગે લાંબા સમયથી ચર્ચાઓ ચાલે છે. આ શો માટે સ્મૃતિ ઈરાની અને અમર ઉપાધ્યાય સહિતના કલાકારોએ શૂટિંગ પણ શરૂ કરી દીધું હતું. સિરીયલ ફરી ક્યારે શરૂ થશે તેની તારીખ અંગે પણ અહેવાલો આવતા થયા હતા. ત્યારે હવે કેટલાક સુત્રોના આધારે એવી માહિતી મળી છે કે, હમણા આ શોની તારીખ પાછી ઠેલાઈ છે. સુત્રએ કહ્યું કે, "ક્યુંકી ૩ જુલાઈથી ઓન એર થવાની હતી પરંતુ હવે તેની લોંચ ડેટ પાછી ઠેલાઈ છે.

આ શોના પ્રોડ્યુસર એકતા કપૂરને સેટ પર કેટલાક ફેરફાર જોઈતા હતા. તેમની ટીમ આ અંગે ફરી કામ કરી રહી છે તેથી થોડી વધુ રાહ જોવી પડશે."

આ અંગે લીડ એક્ટર અમર ઉપાધ્યાયે જણાવ્યું કે, સેટને પરફેક્ટ બનાવવામાં વાર લાગી રહી છે. તેણે જણાવ્યું, "હા આ સાચી વાત છે. સેટમાં થોડું ફરી કામ કરવાની જરૂર હતી. ખરેખર એવું હતું કે સેટ પરના કલર કોમ્બિનેશન સ્કીન પર ધાર્યું હતું એટલાં સારા લાગાતાં નહોતાં. એકતાને ખ્યાલ છે કે તેને ખરેખર શું અને કેવું જોઈએ છે. એ એક પરફેક્શનિસ્ટ છે. આ કોઈ સામાન્ય શો નથી આ ક્યુંકી છે. આ તો એક વારસો છે અને એ ઈચ્છે છે કે શોમાં બધું શ્રેષ્ઠ જ હોય." આ શો જ્યારે પહેલી વખત ટીવી પર આવ્યો એ પણ ૩ જુલાઈ હતી. તેથી તેના ૨૫ વર્ષ નિમિત્તે આ શો આ જ તારીખે ફરી શરૂ કરવાનો હતો. પરંતુ હવે આ તારીખે શૂટ શરૂ થશે.

અમરે કહ્યું, "૨૫મી સાલગિરા નિમિત્તે જ હવે મુહૂર્ત શોટ લેવાશે. આ સાંકેતિક વાત છે. આ જ તારીખે ફરી શો શરૂ થશે, જાણે એક ચક્કર પૂરું થયું હોય એવું લાગે છે. જુની યાદો ફરી તાજી થઈ ગઈ છે." જોકે, કેટલાંક જુના પાત્રો નહીં હોય, એ બાબતે અમરે કહ્યું, "હું સૌથી વધુ બાને યાદ કરું છું." સુધા શિવપુરી આ સિરીયલમાં બાનો રોલ કરતાં હતાં. "આ શોની જાન હતાં તેઓ. હવે તેઓ આપણી વચ્ચે રહ્યાં નથી."

# વાપી નામધામાં અનાવિલ યુવક મંડળ દ્વારા અંતિમ ગૃહની ગેસ આધારિત ભઠ્ઠીનું લોકાર્પણ કરાયું



## નામધા અંતિમધામમાં બીજી ગેસ આધારિત ભઠ્ઠી ૧.૩૦ કરોડના ખર્ચે તૈયાર થઈ: બલીઠા સ્મશાન ભૂમિને આધુનિક બનાવવાની જાહેરાત

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**

વાપી નામધામાં શ્રી અનાવિલ યુવક મંડળ દ્વારા સંચાલિત અંતિમગૃહનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. જેનું લોકાર્પણ નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે થયું, અંતિમગૃહમાં અંદાજીત ૧,૩૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ અદ્યતન ગેસ આધારીત ભઠ્ઠી કાર્યરત કરવામાં આવી છે.

લોકાર્પણ પ્રસંગે શ્રી અનાવિલ યુવક મંડળના પ્રમુખ શ્રી દિલીપભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪-૧૫માં શ્રી કનુભાઈ ધારાસભ્ય હતા ત્યારે પાલિકા દ્વારા આ જગ્યાની ફાળવણી કરાઈ હતી. પ્રથમ ગેસ આધારિત ભઠ્ઠીનું સમારકામ, નવી બીજી ભઠ્ઠી કાર્યરત કરાઈ છે. નામધા સ્મશાનમાં કુલ ૫ ભઠ્ઠીઓ કાર્યરત થઈ છે. જેમાં બે ગેસ આધારિત અને ત્રણ લાકડા આધારિત છે. આ પ્રોજેક્ટ માટે આશરે ૨ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું હતું.

અનાવિલ દાતા તેમજ વાપી ઈન્ડસ્ટ્રીયઝ એસોસિએશન દ્વારા શ્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ ૪૦ લાખ રૂપિયાનું અનુદાન પ્રાપ્ત થયું છે.

નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે , આ અંતિમગૃહનો લાભ આસપાસના લોકોને મળશે. મંડળના સામાજીક કાર્યોની તેમણે પ્રશંસા કરી બલીઠા ખાતેનું સ્મશાન પણ ટૂંક સમયમાં રીનોવેશન કરી આધુનિક બનાવવાની જાહેરાત કરી હતી. લોકાર્પણ કાર્યક્રમ વી.આઈ.એ. પ્રમુખ શ્રી સતિષભાઈ પટેલ, ભાજપ શહેર પ્રમુખ શ્રી મનિષભાઈ દેસાઈ, અનાવિલ યુવક મંડળ ઉપ પ્રમુખ શ્રી દર્શનભાઈ દેસાઈ, સેક્રેટરી શ્રી અનિલભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યુવક મંડળે નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈનું વિશેષ સન્માન કર્યુ હતું.

# વાપીમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' અંતર્ગત પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**

ભારતીય જનતા પાર્ટી ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલ, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીની સૂચના અને માર્ગદર્શન મુજબ ગુજરાત સરકારના નાણાં, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' ના નેજા હેઠળ વાપી લેઉઆ પટેલ સમાજની વાડી ખાતે પ્રબુદ્ધ નાગરિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશ દ્વારા નિયુક્ત વક્તા તરીકે શ્રી માધુભાઈ કથીરિયાએ 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' વિષય અંતર્ગત વિધાનસભા વિસ્તારના પ્રબુદ્ધ નાગરિકોને માહિતગાર કરી સમર્થન આપવા અપીલ કરી હતી. નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' અન્વયે વિગતવાર માહિતીઓ આપી ઉપસ્થિત સૌને માર્ગદર્શન આપ્યું હતું.

આ તબક્કે ભારતીય જનતા પાર્ટી વલસાડ જિલ્લાના મહામંત્રી શ્રી શિલ્પેશભાઈ દેસાઈ, વી.આઈ.એ.ના પ્રમુખ શ્રી સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ શ્રી મનીષભાઈ દેસાઈ, વાપી નોટિફાઈડ પ્રમુખ શ્રી અમનભાઈ ત્રિવેદી, વાપી તાલુકા ભાજપ પ્રમુખ શ્રી સમયભાઈ પટેલ, પારડી તાલુકા ભાજપ પ્રમુખ શ્રી પુનિતભાઈ પટેલ, પારડી શહેર પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, વિવિધ ઉદ્યોગ જગતના અગ્રણીશ્રીઓ, ડોક્ટરશ્રીઓ, વકીલશ્રીઓ, વેપારીઓ, સામાજિક આગેવાનો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રીઓ, વિવિધ એન.જી.ઓના આગેવાનો, પ્રબુદ્ધ નાગરિકો સહિત ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જનસંઘના સ્થાપક અધ્યક્ષ ડો. શ્યામા પ્રસાદ મુખર્જીની જયંતિ નિમિત્તે

# વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને ધરમપુરમાં પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીની સૂચના અને માર્ગદર્શન મુજબ, આજરોજમાં ભારતીના વીર સપૂત, રાષ્ટ્રવાદી ચિંતક અને જનસંઘના સ્થાપક અધ્યક્ષ ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની જયંતિ નિમિત્તે વલસાડ જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને ધરમપુર મનહરઘાટ ખાતે આવેલ શ્રી નર્મદેશ્વર મહાદેવજીના મંદિરમાં પૂજા અર્ચના કરી સંકુલમાં આવેલ એમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી.

આ તબક્કે ધરમપુર શહેર ભાજપ પ્રમુખ શ્રી અમિતભાઈ ચોરેરા, શહેર સંગઠનના મહામંત્રી શ્રી અક્ષયભાઈ ચૌધરી, શ્રી જીગ્નેશભાઈ કાપડિયા, સંગઠનના હોદ્દેદારો, ધરમપુર નગરપાલિકાના સભ્યશ્રીઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભારે વરસાદ થતા દ. ગુજરાતની નદીઓ ભયજનક સપાટીએ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૦૬

નવસારી શહેરમાં ચોમાસાની સિઝનમાં પ્રથમ વખત પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે. સંપૂર્ણા નદીમાં સતત પાણીની આવકથી જળસ્તર ૨૩ ફૂટની ભયજનક સપાટી વટાવી ગયું છે, જેના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શરૂઆત થઈ ગઈ છે. ભેંસત ખાડા વિસ્તારમાં ૨૫થી વધુ ઘરોમાં પાણી ઘૂસી ગયું છે અને સ્થિતિ ગંભીર બનતાં સ્થાનિકોએ ભેંસત ખાડા વિસ્તારમાં આવેલા મંદિરમાંથી ગોટલી માતા અને ભક્તિ માતાની મૂર્તિઓને સુરક્ષિત સ્થળે ખસેડી દીધી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ભેંસત ખાડા, ગધેવાન, રીંગરોડ, બંદર રોડ સહિતના વિસ્તારોમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને નીચાણવાળા વિસ્તારોના રહીશો હંમેશાં સાવચેત રહેવાની સૂચના અપાઈ છે. જિલ્લા તંત્રએ અફવાઓ પર વિશ્વાસ ન રાખવાની અને સત્તાવાર માહિતી ઉપર આધાર રાખવાની અપીલ કરી છે. હાલ તંત્ર સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને આગામી સમય માટે પણ ચિંતાજનક સ્થિતિ બની શકે છે જો વરસાદ ચાલુ રહેશે.

ઉપરવાસમાં પડી રહેલા વરસાદના કારણે ગણદેવી તાલુકામાંથી પસાર થતી વેંગણીયા ખાડીમાં પાણીની ભરપૂર આવક થઈ છે. વેંગણીયા ખાડીના પાણી ગણદેવી રિવરફ્રન્ટ સુધી પહોંચ્યા.

નવસારીમાં ઉપરવાસમાં વરસાદથી પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીની સપાટીમાં વધારો થયો. અંબિકા નદીની સપાટી ૨૩ ફૂટ પર પહોંચી. જે બાદ તંત્ર દ્વારા શહેરના નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા. વરસાદને પગલે જિલ્લાના ૮૦થી વધુ રસ્તાઓ પાણીમાં ગરકાવ થયા. જે પૈકી વાંસદામાં સૌથી વધુ ૨૮ રસ્તાઓ બંધ થયા છે. રાજ્યમાં સતત ચોથા દિવસે મેઘરાજા મૂશળધાર સવારી જોવા મળી. પાછલા ૧૨ કલાકમાં રાજ્યના ૧૭૬ તાલુકાઓ મેઘ મહેર જોવા મળી. તો દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ કરી છે દેધનાધન બેટિંગ.

# દીવની વાત્સલ્ય સંસ્થામાં મનોદિવ્યાંગ બાળકોને યુનિફોર્મ અને પુસ્તકનું વિતરણ કરાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૬**

આજે સવારે દીવની વાત્સલ્ય સંસ્થામાં વિશિષ્ટ શિક્ષણ મેળવી રહેલા દરેક મનોદિવ્યાંગ બાળકોને શ્રી ચંદુલાલ રામા, યુ.કે. તરફથી સ્કૂલ યુનિફોર્મનું તેમના ભાઈ પ્રભુદાસ ભાઈનાં હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વલસાડનાં નિતેશ સોલંકી દ્વારા ફ્રી મોકલવામાં આવેલ પુસ્તક "માનસિક સ્વાસ્થ્ય અને સ્વ-સશક્તિકરણ" નું પણ ઉપસ્થિત વાલીઓને વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વાત્સલ્ય સંસ્થાના વાઈસ પ્રેસિડેન્ટ ડો.કામલીયા, જોઈન્ટ સેક્રેટરી શ્રી રાજુભાઈ દવે, ટ્રેઝરર ઉસ્માનભાઈ વોરા અને મેમ્બર હસમુખભાઈ જેઠવા તેમજ સ્ટાફ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ઉપસ્થિત વાલીઓને માર્ગદર્શન સંસ્થાના રફીકભાઈ બ્લોચ દ્વારા આપવામાં આવ્યું હતું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનહરભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યુ હતું.

વાત્સલ્ય સંસ્થા ડાંગરવાડી નિવાસી ચંદુલાલ રામા અને વલસાડ નિવાસી નિતેશ સોલંકીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પારડીમાં મુસ્લિમ સમુદાય દ્વારા મોહરમ (તાજીયા)નું જુલુસ કઢાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૦૬**

મોહરમ કોઈ તહેવાર કે આનંદનો મહિનો નહીં પરંતુ માતમ અને દુ:ખનો મહિનો છે લગભગ ૧૪૦૦ વર્ષ પહેલા આ મહિનામાં અસત્ય અને અન્યાય સામે ન્યાયની લડત લડતા યુદ્ધમાં થયેલ શહીદોને આ પવિત્ર મહિનામાં યાદ કરવામાં આવે છે. અંતિમ પૈગમ્બર હઝરત મોહમ્મદ સાહેબના પૌત્ર ઈમામ હુસેન અને તેમના સાથીદારોની શહીદીની યાદમાં મોહરમ મનાવવામાં આવે છે.

મુસ્લિમ માટે મોહરમનો મહિનો નવા વર્ષના મહિનો છે અને આ મહિનાના દસમાં દિવસે મુસ્લિમો દ્વારા બનાવવામાં આવેલ તાજિયાનું જુલુશ કાઢવામાં આવે છે આ તાજીયા ઈમામ હુસેનની મજારની પ્રતિકૃતિ સમાન બનાવવામાં આવે છે અને રાત્રિ દરમિયાન હિન્દુ અને મુસ્લિમો પોતાની માનતાઓ આસ્થા અને શ્રદ્ધા સાથે પૂર્ણ કરતા હોય છે અને બીજે દિવસે આ તાજીયાનું જૂલુસ કાઢવામાં આવે છે. જેમાં પ્રસાદ તરીકે પરંપરા મુજબ શ્રીફળ, દૂધ, શરબત લીંબુ પાણી વિગેરે સંપૂર્ણ રીતે શાકાહારી હોય છે. આમ મોહરમ સર્વ ધર્મ સમભાવ અને માનવ ધર્મ એક્તાનો સંદેશો ઉજાગર કરવા પણ મનાવવામાં આવે છે પારડી ખાતેથી પણ એવી જ રીતે નવ જેટલા તાજીયાનું જુલુસ મુસ્લિમ સમુદાયો દ્વારા કાઢવામાં આવ્યું હતું. જેમાં કલાત્મક રીતે બનાવેલા તાજીયામાં પારડીના હિન્દુ-મુસ્લિમ સમુદાયો જોડાયા હતા. પારડી જુના બસ સ્ટેન્ડ મસ્જિદ પાસેથી નીકળેલ આ જુલુસ પારડી પારસીવાડ કંસારવાડ થઈ દમણીઝાંપા સુધી પહોંચ્યા બાદ પારડી પાર નદી ખાતે ઠંડા કરવામાં આવ્યા હતા .

પારડી પોલીસનો ચુસ્ત બંદોબસ્ત અને છેલ્લા ત્રણ દિવસથી અવિરત વરસી રહેલા વરસાદે પણ વિરામ લેતા આ તાજીયાનું શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું હતું.

# ચૈતર વસાવાના ૫ દિવસના રિમાન્ડ કોર્ટે મંજૂર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નર્મદા, તા.૦૬**

ડેડિયાપાડામાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપના નેતા વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. આ મામલે આજે ચૈતર વસાવાને રાજપીપળા કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા. કોર્ટ દ્વારા પોલીસે માગેલા ૫ દિવસના રિમાન્ડને મંજૂર કરવામાં આવ્યા છે. કોર્ટમાં ચૈતર વસાવાના વકીલ ગોપાલ ઈટાલિયા દ્વારા દલીલો કરવામાં આવી હતી. તેમણે ચૈતર વસાવાના જામીન પણ માગ્યા હતા જોકે કોર્ટે જામીનને નામંજૂર કરી દીધા. જેના કારણે ચૈતર વસાવા ફરી એકવાર જેલમાં ગયા છે. આવતીકાલે ચૈતર વસાવાના વકીલ ગોપાલ ઈટાલિયા દ્વારા જામીન માટે અરજી કરવામાં આવશે. જોકે આ સમગ્ર મામલે ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાની નવી મુશ્કેલીઓ હવે વધી છે. તેઓને રાજપીપળા જેલથી વડોદરા જેલમાં લઈ જવામાં આવ્યા છે. જો કે રાજપીપળા જેલ લઈ જતા સમયે તેમના સમર્થકો દ્વારા રસ્તાની વચ્ચે આવીને પોલીસને પણ રોકવામાં આવી હતી. આપને જણાવી દઈએ કે ગતરોજ તાલુકા સંકલનની બેઠક દરમિયાન તેમની પંચાયતના પ્રમુખ સંજય વસાવા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેને લઈને વાત એટલી વધી ગઈ કે મારામારી સુધી પહોંચી હતી. જેને લઈને તેમની સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. આ ત્રીજી ફરિયાદ ચૈતર વસાવા સામે નોંધાઈ છે. જેમાં આજે તેમને કોર્ટમાં હાજર કરવામાં આવ્યા ત્યારે કોર્ટની બહાર વકીલોનો ભારે હંગામો કર્યો હતો. મારામારી કેસમાં ચૈતર વસાવાની ધરપકડ બાદ ચૈતર વસાવાને રાજપીપળા કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા. આ સમયે ચૈતર વસાવાના વકીલ ગોપાલ ઈટાલિયાને પોલીસે રોકતા પોલીસ અને વકીલ વચ્ચે તુતુમેમે સર્જાઈ હતી.

### (છેલ્લા પાનાનું ચાલુ) વાપીમાં રૂ.૪૮.૪૮ કરોડના...

દક્ષિણ ગુજરાત જીઆઈડીસીના સુપ્રિટેન્ડન્ટ એન્જિનિયરશ્રી દેવેન્દ્ર સગરે સેન્ટરની રૂપરેખા આપતા જણાવ્યું કે, રૂ.૪૮.૪૮ કરોડના ખર્ચે આ સેન્ટરનું બાંધકામ આગામી ૧૮ માસમાં પૂર્ણ કરાશે. કુદરતી આપત્તિઓ જેવી કે, ભૂકંપ, પુર, સુનામી, વાવાઝોડું, દુષ્કાળ, આગ અને મહામારી, ઔદ્યોગિક દુર્ઘટના જેવી કે, કેમિકલ લીકેજ, આગ, વિસ્ફોટ અને સુરક્ષા સંબંધિત ઘટનાઓ જેવી કે, સાઈબર હુમલા, બાયોલોજીકલ અથવા રાસાયણિક હુમલા જેવી સ્થિતિને પહોંચી વળવા માટે તમામ આધુનિક પ્રકારના સાધનો ઉપલબ્ધ કરાવાશે. જેથી આવનારા સમયમાં આ સેન્ટર સમગ્ર જિલ્લાને સુરક્ષિત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ પ્રોજેક્ટ માટે ૬૫૦૦ ચોરસ મીટર જગ્યા ફાળવવામાં આવી છે, જેમાં બિલ્ડીંગનો ૨૮૦૦ ચોરસ મીટર બિલ્ટઅપ એરિયા હશે. આ ઈમારત ગ્રીન બિલ્ડિંગના ધોરણ અનુસાર બનશે.

આ કાર્યક્રમમાં સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ નિર્મલ દૂધાણી, મોરાઈ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ ગૌતમ શાહ, વીઆઈએની સલાહકાર સમિતિના સભ્યો મિલન દેસાઈ, એ.કે.શાહ, શિરીષ દેસાઈ, નાનુભાઈ બાંભરોલીયા અને પ્રકાશ ભદ્રા, ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ડાયરેકટરશ્રી આઈ.એસ.પ્રજાપતિ, વાપી શહેર સંગઠનના પ્રમુખ મનિષ દેસાઈ, વાપી તાલુકા સંગઠન પ્રમુખ સમય પટેલ, હેમંત પટેલ સહિતના આગેવાનો અને ઉદ્યોગપતિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર ગુજરાતમાં વાપી ડીપીએમસીની બિલ્ડિંગ આઈકોનિક ભવન તરીકે બનવા જઈ રહી હોવાની ખુશી વ્યક્ત કરી વાપી વીઆઈએના પ્રમુખશ્રી સતિષભાઈ પટેલે ઉષ્માભેર સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે આભારવિધિ વાપી નોટિફાઈડના ચીફ ઓફિસર મહેશભાઈ કોઠારીએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હેમાંગ નાયકે કર્યું હતું.

भारतीय वायु सेना / ભારતીય વાયુસેના
**ભારતીય વાયુસેના અગ્નિવીરવાયુમાં જોડાઓ**

**ભારતીય વાયુસેનાએ અગ્નિપથ યોજના હેઠળ ૦૨/૨૦૨૬ના અગ્નિવીરવાયુ સેક્શન માટે પસંદગી કસોટી માટે અવિવાહિત ભારતીય પુરુષ અને મહિલા ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવી છે.**

**ઓનલાઈન નોંધણી તારીખો** : ૧૧ જુલાઈ ૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યાથી ૩૧ જુલાઈ ૨૦૨૫ના રોજ રાત્રે ૨૩.૦૦ વાગ્યા સુધી
**ઓનલાઈન પરીક્ષા તારીખો** : ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫થી
**નોંધણી માટે વેબ પોર્ટલ** : https://agnipathvayu.cdac.in
**જન્મ તારીખ** : ૨ જુલાઈ ૨૦૦૫ અને ૨ જાન્યુઆરી ૨૦૦૯ની વચ્ચે જન્મ (બંને તારીખો સહિત)
**શૈક્ષણિક લાયકાત:**

૧. **વિજ્ઞાન વિષયો.**

ઉમેદવારોએ કેન્દ્ર, રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા માન્યતા પ્રાપ્ત શિક્ષણ બોર્ડમાંથી **ગણિત, ભૌતિકશાસ્ત્ર અને અંગ્રેજી** સાથે **ઈન્ટરમીડિયેટ/૧૦+૨/સમકક્ષ પરીક્ષા પાસ** કરેલી હોવી જોઈએ જેમાં ઓછામાં ઓછા **૫૦% ગુણ** અને **અંગ્રેજીમાં ૫૦% ગુણ** હોવા જોઈએ.

અથવા

કેન્દ્ર, રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા માન્યતા પ્રાપ્ત પોલિટેકનિક સંસ્થામાંથી **એન્જિનિયરિંગ ત્રણ વર્ષનો ડિપ્લોમા કોર્સ** (મિકેનિકલ/ ઈલેક્ટ્રિકલ/ ઈલેક્ટ્રોનિક્સ/ ઓટોમોબાઇલ/ કમ્પ્યુટર સાયન્સ/ ઈન્સ્ટ્રુમેન્ટેશન ટેકનોલોજી/ ઈન્ફર્મેશન ટેકનોલોજી) પાસ કરેલ હોવો જોઈએ, જેમાં **કુલ ૫૦% ગુણ** અને ડિપ્લોમા કોર્સમાં **અંગ્રેજીમાં ૫૦% ગુણ** (અથવા **જો ડિપ્લોમા કોર્સમાં અંગ્રેજી વિષય ન હોય તો,** ઈન્ટરમીડિયેટ/મેટ્રિક્યુલેશનમાં) પાસ કરેલ હોવી જોઈએ.

અથવા

કેન્દ્ર, રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા માન્યતા પ્રાપ્ત શિક્ષણ બોર્ડમાંથી **ભૌતિકશાસ્ત્ર અને ગણિત જેવા બિન-વ્યાવસાયિક વિષય સાથે બે વર્ષનો વ્યાવસાયિક અભ્યાસક્રમ કુલ ૫૦% ગુણ** સાથે અને વ્યાવસાયિક અભ્યાસક્રમમાં (અથવા **જો વ્યવસાયિક અભ્યાસક્રમમાં અંગ્રેજી વિષય ન હોય તો,** ઈન્ટરમીડિયેટ/મેટ્રિક્યુલેશનમાં) **અંગ્રેજીમાં ૫૦% ગુણ** સાથે પાસ કરેલ હોવી જોઈએ.

૨. **વિજ્ઞાન વિષયો સિવાય.**

કેન્દ્ર, રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા માન્યતા પ્રાપ્ત શિક્ષણ બોર્ડમાંથી કોઈપણ પ્રવાહ/વિષયોમાં ઈન્ટરમીડિયેટ/૧૦+૨/સમકક્ષ પરીક્ષા ઓછામાં ઓછા **કુલ ૫૦% ગુણ** સાથે અને **અંગ્રેજીમાં ૫૦% ગુણ** સાથે પાસ કરેલ હોવી જોઈએ.

અથવા

કેન્દ્ર, રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા માન્યતા પ્રાપ્ત શિક્ષણ બોર્ડમાંથી બે વર્ષનો વ્યાવસાયિક અભ્યાસક્રમ ઓછામાં ઓછા **૫૦% ગુણ** સાથે પાસ કરેલ અને વ્યાવસાયિક અભ્યાસક્રમમાં (અથવા **જો વ્યવસાયિક અભ્યાસક્રમમાં અંગ્રેજી વિષય ન હોય તો,** ઈન્ટરમીડિયેટ/મેટ્રિક્યુલેશનમાં) અંગ્રેજીમાં **૫૦% ગુણ** સાથે પાસ કરેલ હોવી જોઈએ.

**નોંધ:** વિજ્ઞાન વિષયોની પરીક્ષા (ઈન્ટરમિડિયેટ/૧૦+૨/ એન્જિનિયરિંગમાં ત્રણ વર્ષનો ડિપ્લોમા કોર્સ અથવા ભૌતિકશાસ્ત્ર અને ગણિતના બિન-વ્યાવસાયિક વિષયો સાથે બે વર્ષનો વ્યાવસાયિક અભ્યાસક્રમ સહિત) માટે લાયક ઉમેદવારો પણ વિજ્ઞાન વિષયો સિવાયના વિષયો માટે લાયક છે અને તેમને ઓનલાઈન નોંધણી ફોર્મ ભરતી વખતે વિજ્ઞાન વિષયો અને વિજ્ઞાન વિષયો સિવાયના વિષયો બંનેની પરીક્ષા એક જ બેઠકમાં આપવાનો વિકલ્પ આપવામાં આવશે.

**નોંધણી અને પરીક્ષા ફી: રૂ.૫૫૦/- + જીએસટી.**

**પ્રવેશ સ્તરની લાયકાત, તબીબી ધોરણો, નિયમો અને શરતો, ઓનલાઈન અરજીઓ ભરવા માટેની સૂચનાઓ અને અગ્નિવીરવાયુ ઈન્ટેક ૦૨/૨૦૨૬ માટે નોંધણી વિશે વિગતવાર માહિતી માટે https://agnipathvayu.cdac.in પર લોગ ઓન કરો.**

**માહિતી અને અરજી નોંધણી માટે ક્યુઆર કોડ સ્કેન કરો.**

**CBC 10803/11/0006/2526**

વર્તમાન પ્રવાહ
વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

## પ્રશાસક પ્રફુલભાઈ પટેલના આગમન બાદ

# દાનહ અને દમણ-દીવના ઉદ્યોગોમાં આવેલું શાંતિ અને સલામતીનું વાતાવરણઃ ઉદ્યોગોના વિકાસ દરમાં પણ આવેલી ઝડપ

**રાજ્યસભાના સાંસદ ડો. રાધા મોહન દાસ અગ્રવાલને શુભેચ્છા મુલાકાત દરમિયાન ડી.આઈ.એ.ના પૂર્વ અધ્યક્ષ પવન અગ્રવાલે આપેલી જાણકારી**





**અગ્રવાલ સમાજ દ્વારા કરાયું સન્માન**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૬**

સેલવાસના પ્રવાસ દરમિયાન ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને રાજ્યસભા સાંસદ ડૉ. રાધા મોહન દાસ અગ્રવાલની દમણ અગ્રવાલ સમાજ અને દમણ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પૂર્વ અધ્યક્ષ શ્રી પવન અગ્રવાલે સૌજન્ય મુલાકાત કરી પ્રદેશની સ્થિતિનો પણ ચિતાર આપ્યો હતો.

ડી.આઈ.એ.ના પૂર્વ અધ્યક્ષ શ્રી પવન અગ્રવાલે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના નેતૃત્વમાં પ્રદેશના થયેલા વિશ્વસ્તરીય વિકાસની જાણકારી આપતાં ભૂતકાળમાં પ્રદેશમાં સ્થાપિત ઉદ્યોગોને સહન કરવા પડેલી અરાજક સ્થિતિનો પણ ચિતાર આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના આગમન બાદ દાદરા નગર હવેલી અને દમણ-દીવના ઉદ્યોગોમાં શાંતિ અને સલામતિનું વાતાવરણ બન્યું છે. જેના કારણે ઉદ્યોગોના વિકાસ દરમાં પણ ઝડપ આવી છે.

ડી.આઈ.એ.ના પૂર્વ અધ્યક્ષ શ્રી અગ્રવાલે પ્રદેશની સઘન કાયદો-વ્યવસ્થા, માળખાગત સુવિધા અને શૈક્ષણિક ક્ષેત્રે થયેલી પ્રગતિની સાથે વિકસેલા પ્રવાસન ઉદ્યોગની પણ માહિતી આપી જણાવ્યું હતું કે, દેશના અગ્રણી રાજ્યોમાં હવે દાદરા નગર હવેલી અને દમણ-દીવની ગણના થવા માંડી છે.

ડી.આઈ.એ.ના પૂર્વ અધ્યક્ષ શ્રી પવન અગ્રવાલે શિરોમણી મહારાજા અગ્રસેનના સિંહાસન રૂઢ તસવીર સાથેનું અંગવસ્ત્ર અને પારંપારિક પાઘડી પહેરાવી સંસદની ગૃહકાર્ય સમિતિના ચેરમેન ડૉ. રાધા મોહન દાસ અગ્રવાલનું અભિવાદન કર્યું હતું.

આ પ્રસંગે અગ્રવાલ સમાજના આગેવાન શ્રી મહેશ અગ્રવાલ, સેલવાસના અગ્રવાલ સમાજના આગેવાન શ્રી ધર્મેશ અગ્રવાલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે

# વાપીમાં રૂ.૪૮.૪૮ કરોડના ખર્ચે નિર્માણ થનાર ડિઝાસ્ટર પ્રિવેન્શન એન્ડ મેનેજમેન્ટ સેન્ટરનું ખાતમુહૂર્ત કરાયું




**ભૂકંપ, પુર, સુનામી, આગ, ઔદ્યોગિક હોનારત કે આકસ્મિક આપત્તિ સમયે સ્થિતિને પહોંચી વળવા માટે તમામ આધુનિક પ્રકારના સાધનો ઉપલબ્ધ કરાવાશે**

**આધુનિક સાધનો અને અદ્યતન સુવિધાઓથી સજ્જ આ નવા સેન્ટરથી ઔદ્યોગિક વિસ્તારોમાં લોકોની સલામતી અને સુરક્ષામાં વધારો થશેઃ મંત્રી કનુભાઈ દેસાઈ**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**

રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે રવિવારે વાપી જીઆઈડીસીના ફર્સ્ટ ફેઝમાં ફાયર સ્ટેશનની બાજુમાં રૂ.૪૮.૪૮ કરોડના ખર્ચે નિર્માણ થનાર ડિઝાસ્ટર પ્રિવેન્શન એન્ડ મેનેજમેન્ટ સેન્ટરનું ખાતમુહૂર્ત વાપી મહાનગર પાલિકાના કમિશનરશ્રી યોગેશ ચૌધરી અને જિલ્લા કલેક્ટરશ્રી ભવ્ય વર્માની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.


આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વાપી સમગ્ર ભારતમાં ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટિએ આગવું સ્થાન ધરાવે છે. સુરક્ષા અને સલામતીની દ્રષ્ટીએ પણ વાપી આગળ છે. હાલમાં પણ વાપીમાં વિકાસના અનેક કાર્યો ચાલી રહ્યા છે જે પૂર્ણ થતાં જ વાપીમાં રોનક દેખાશે. આધુનિક સાધનો અને અદ્યતન સુવિધાઓથી સજ્જ આ નવા સેન્ટરથી ઔદ્યોગિક વિસ્તારોમાં લોકોની સલામતી અને સુરક્ષામાં વધારો થશે. અહીં કેમ્પસમાં એનડીઆરએફ અને એસડીઆરએફ દ્વારા તાલીમ પણ આપવામાં આવશે. ઉદ્યોગકારોને સલાહ છે કે, એન્વાયર મેનેજમેન્ટ સિસ્ટમ એટલી પરફેક્ટ રાખજો કે, જેથી આ સેન્ટરની જરૂર જ ન પડે. સૌના સાથ અને સહકારથી આ પ્રોજેક્ટ સાકાર થયો છે. જેમાં દરેક ઈન્ડસ્ટ્રીઝ એસેટ ભાગીદાર હશે અને સ્વયં સંચાલિત આ સેન્ટર ચાલશે. વાપી મનપા અને નોટિફાઈડ સાથે મળીને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં શ્રેષ્ઠ ફાયર સેફટી સિસ્ટમ બનાવશે એવી આશા રાખું છું.

વાપી મહાનગરપાલિકાના કમિશનરશ્રી યોગેશ ચૌધરીએ આ સેન્ટર અંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને રાજ્ય સરકારશ્રીનો આભાર માનતા જણાવ્યું કે, આગ, પુર કે આકસ્મિક ઈમરજન્સીની સ્થિતિમાં વાપી ફાયર વિભાગ એકદમ એલર્ટ રહે છે. હવે આ નવા ડિઝાસ્ટર સેન્ટરથી વિકાસની પરિભાષા બદલાશે. આ સેન્ટર બનવાથી એક સિસ્ટમ ડેવલપ થશે જેથી ભવિષ્યમાં કોઈ ડિઝાસ્ટર જેવી પરિસ્થિતિ આવે તો તેને અટકાવવા અને પહોંચી વળવામાં આપણે સક્ષમ બનીશું.

વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી અને ડિસ્ટ્રીકટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના વડાશ્રી ભવ્ય વર્માએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, દરેક જિલ્લા માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સૌથી મહત્વનું છે. સમગ્ર ભારતમાં વર્ષ ૨૦૦૩માં ગુજરાતે આ બાબત પર સૌથી વધુ ભાર મુક્યો હતો. વાપીમાં ઘણી બધી ઈન્ડસ્ટ્રીઝ છે અને લોકોને રોજગારી આપે છે, જેથી તમામની સુરક્ષા માટે પણ આ સેન્ટર ઉપયોગી પુરવાર થશે. આ સેન્ટરમાં આધુનિક સાધન સામગ્રી હોવાથી પ્રિવેન્શન કામગીરી વધુ સારી રીતે થઈ શકશે.

-વધુ પેજ નં.૭ પર

# વલસાડનો યુવાન યુવતિને બાઈક પર બેસાડી દમણ ફરવા નિકળ્યો, પાર નદી પુલ ઉપર વાહને ટક્કર મારતા યુવતિનું મોત




**શૈલેષ ગવળી તેની પ્રેયસી રોહિણી પાડવી રહેવાસી ધરમપુરને કરૂણ અકસ્માત નડ્યો**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**

વલસાડ હાઈવે પાર નદી પુલ ઉપર આજે રવિવારે સવારે દર્દનાક અકસ્માતની ઘટના ઘટી હતી. વલસાડમાં રહેતો યુવાન પ્રમીકા યુવતિને બાઈક ઉપર બેસાડી દમણ ફરવા લઈને જઈ રહ્યો, ત્યારે અજાણ્યા વાહને ટક્કર મારી દેતા બન્ને રોડ ઉપર પટકાયા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલી યુવતિનું સારવારમાં સિવિલ વલસાડમાં મોત નિપજ્યું હતું.

વલસાડમાં રહેતો ૨૪ વર્ષિય શૈલેષ સોનાભાઈ ગવળી તેની બાઈક નં. જીજે-૧૫-ડીપી-૫૨૧૯ ઉપર દમણ ફરવા નિકળ્યો હતો. તેની સાથે ધરમપુરમાં રહેતી રોહિણી જીતેન્દ્રભાઈ પાડવી પણ બાઈક ઉપર સાથે સવાર હતી. તેમની બાઈક સવારે હાઈવે પર નદીના પુલ ઉપરથી પસાર થતી હતી.ત્યારે પાછળથી ફૂલ ઝડપે આવી રહેલ અજાણ્યા વાહને બાઈકને જોરદાર ટક્કર મારી વાહન ચાલક નાસી ગયો હતો.

બાઈક સવાર શૈલેષ અને યુવતિ રોહિણી રોડ ઉપર પટકાતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં યુવતિને વધુ ઈજા પહોંચી હતી. વલસાડ સિવિલમાં લોકોને સારવાર માટે ખસેડી હતી. જ્યાં ઘનિષ્ઠ સારવાર મેળવે તે પહેલાં રોહિણીનું કરૂણ મોત નિપજ્યું હતું. બન્નેના પરિવારજનોમાં આંક્રદ છવાઈ ગયું હતું.

# ચીખલીના મલવાડા ગામે કૂવામાં પડતા યુવકનું મોત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), ૦૬**

ચીખલી તાલુકાના મલવાડા ગામે કૂવામાં પડતા યુવકનું મોત નિપજવાની ઘટના બનવા પામી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના મલવાડા દેસાઈ ફળીયા ખાતે રહેતા વિક્રમ છનાભાઈ પટેલ (ઉ.વ.૩૮) જે બે દિવસ અગાઉ ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલી જતા જેની શોધખોળ આદરતા કોઈ ભાળ મળી ન હતી.

દરમિયાન શનિવારની સાંજના સમયે મલવાડા દેસાઈ ફળીયા ખાતે મેહુલભાઈ પટેલની વાડીના કૂવામાંથી લાશ મળી આવતા જે અંગેની જાણ મરનારના ભાઈ અનિલ છનાભાઈ હળપતિ (ઉ.વ.૩૪) (રહે.મલવાડા દેસાઈ ફળીયા તા. ચીખલી જી. નવસારી) એ કરતા વધુ તપાસ એએસઆઈ શ્રી કિરણભાઈ નાગજીભાઈ કરી રહ્યા છે.

## ચીખલી તાલુકામાં સતત વરસાદથી નદીઓ ભયજનક સપાટીએ

# સમરોલી હાઈવે ઓવરબ્રિજના છેડે ચારથી પાંચ ફૂટ પાણી ભરાતા અનેક વાહનો ફસાયા




-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૦૬**

ચીખલી તાલુકામાં હાઈવે ઓથોરિટીની લાલિયાવાડીને પગલે સમરોલી હાઈવે ઓવરબ્રિજના છેડે ચારથી પાંચ ફૂટ ભરાયેલા પાણીમાં ઊંડા ખાડામાં વાહનો ફસાતા લોકોએ ભારે હાલાકી વેઠવાની નોબત આવી છે. તાલુકામાં ચોવીસ કલાકમાં ૪.૨૪ ઈંચ વરસાદ સાથે લોકમાતાઓમાં ઘોડાપૂર સાથે ૧૯ જેટલા માર્ગો પર વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો.

ચીખલી તાલુકા પ્રવાસમાં છેલ્લા ઘણાં દિવસોથી સતત વરસાદને પગલે ચોમાસાએ બરાબરની જમાવટ કરી છે. મૂશળધાર વરસાદને પગલે તાલુકામાં માર્ગો પર ઠેર ઠેર પાણી ભરાયાં હતા. સમરોલી હાઈવે ઓવરબ્રિજના છેડે તો ચારેક ફૂટ જેટલા પાણી ભરાતા સર્વિસ રોડ પર ના જીવલેણ ખાડા અદૃશ્ય થઈ જતા અનેક વાહનો ફસાતા સ્થાનિકોએ ધક્કા મારી વાહનોને બહાર કાઢ્યા હતા. અને બાદમાં વાહન ચાલકો ખાડામાંથી બચે તે માટે ખાડા માં ટાયરો ગોઠવ્યા હતા.

આ ઉપરાંત આલીપોર હાઈવે ઓવરબ્રિજના સર્વિસ રોડના ખાડામાં મોક્ષ રથ ફસાયો હતો. આ સાથે ચોમાસાના પ્રથમ માસમાં જ હાઈવેના ચીંથરેહાલ થતાં વાહન ચાલકોને યાતના વેઠવા સાથે જીવ જોખમાય રહ્યા છે.

તાલુકામાં સતત વરસાદ વચ્ચે તાલુકામાંથી પસાર થતી અંબિકા, કાવેરી, ખરેરા સહિતની લોકમાતાઓ અને સ્થાનિક કોતરોમાં ઘોડાપૂર આવતા નાનામોટા ૧૯જેટલા માર્ગો પરનો વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો. તાલુકાના ફડવેલ ગામમાં નાવણી નદી પરનો લો-લેવલ કોઝવે પૂરના પાણીમાં ગરકાવ થતાં આંબાબારી ફળિયાના લોકો તાલુકા જિલ્લા-મથેકથી સંપર્ક વિહોણા થયા હતા. તાલુકામાં ચોમાસાની જમાવટ સાથે ડાંગરની રોપણી સહિતના ખેતી કામોને વેગ મળ્યો હતો. આ સાથે તાલુકામાં સીઝનનો કુલ વરસાદ ૩૬.૪૮ ઈંચ જેટલો નોંધાયો છે.

## નવસારી જિલ્લામાંથી પસાર થતી પૂર્ણા અને અંબિકા નદી ભયજનક સપાટી વટાવી




**ચીખલી(વંકાલ), તા.૦૬:** ભારે વરસાદના કારણે નવસારી જિલ્લામાંથી પસાર થતી પૂર્ણા અને અંબિકા નદી ભયજનક સપાટી વટાવી દીધી છે. પૂર્ણા અને અંબિકા નદીની જળસપાટી વધતા નવસારી જિલ્લામાં નિચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને જાગૃત કરવા માટે તંત્ર દ્વારા લાઉડસ્પીકરથી લોકોને સલામતી અર્થે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

## બીલીમોરાથી પસાર થતી કાવેરી નદીમાં ૮ ભેંસ તણાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**ચીખલી(વંકાલ), તા.૦૬:** બીલીમોરાથી પસાર થતી કાવેરી નદીના તટ પર ચરવા ગયેલી આંઠ ભેંસ પાણીના પ્રવાહમાં ફસાઈ ગઈ હતી. જોકે પાણીમાં ફસાયેલી ભેંસોને બહાર કાઢવા માટે કવાયત હાથ ધરવામાં આવી હતી. (તસવીરઃ દિપક સોલંકી)

# રોટરી ક્લબ ઓફ વાપી દ્વારા રક્તદાન મહાયજ્ઞ યુપીએલના સહયોગ દ્વારા યોજાયો

**૧૦૦ યુનિટ રક્તદાનથી શાનદાર શરૂઆતઃ રોટરી ક્લબ દ્વારા વર્ષે ૫૦૦૦ યુનિટ રક્તદાનનો લક્ષ્યાંક નિર્ધારીત કરાયો**




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**

રોટરી ક્લબ ઓફ વાપી તથા યુ.પી.એલ.(સુપરફોમ કેમેસ્ટ્રી લી.) ના ઉમદા સહયોગ દ્વારા રોટરી વર્ષ ૨૦૨૫-૨૬નો પ્રારંભ મહારક્તદાન યજ્ઞથી કરવામાં આવ્યો હતો. ૧૦૦ યુનિટ રક્તદાનથી શાનદાર પ્રારંભ કરવામાં આવ્યો હતો. રોટરી ક્લબ ઓફ વાપીનો ૫૦૦૦ રક્તદાન લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે.

રક્તદાન મહાદાન દરમિયાન બ્લડ મોબાઈલ વેન, નાના એકમ અને સોસાયટીમાં પણ રક્તદાન શિબિરોનું આયોજન કરાશે. યુ.પી.એલ. ખાતે વર્ષમાં બે વાર શિબિર યોજાઈ છે. નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે ૧૦૦ યુનિટ રક્તદાન એકત્ર કરાયું હતું. આ શિબિર હરિયા રોટરી ચેરીટેબલ ટ્રસ્ટના સહકારથી યોજાયું હતું.

આ અવસરે યુ.પી.એલ. યુનિટ હેડ શ્રીમતી ડીન્સી પાટીલે જણાવ્યું હતું કે, યુ.પી.એલ. આવી સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા સહભાગી રહેશે. યુ.પી.એલ. અને રોટરી સિક્કાની બે બાજુ છે કલબ ભૂતપૂર્વ પ્રમુખો શ્રી હાર્દિશ શાહ, શ્રી ભરતભાઈ પટેલ, રોટરીયન શ્રી અજયભાઈ દેસાઈ, શ્રી પ્રકાશભાઈ ભદ્રા, શ્રી વિરેન્દ્ર પટેલ, શ્રી કેતનભાઈ પટેલ, વી.આઈ.એ. પ્રમુખ શ્રી સતિષભાઈ પટેલ, સેક્રેટરી શ્રી કલ્પેશભાઈ વોરા, યુ.પી.એલ.ના પદાધિકારી અને વેક્ટર તથા તબીબી સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.